માર્ચ ૨૦૨૩

# દાદાવાણી

છૂટક નકલ ₹ ૨૦



'જેને બંધાવું છે એને કોઈ છોડનાર નથી
અને છૂટવું છે તેને કોઈ બાંધનાર નથી.
પણ એક ધ્યેય હોય; ઘડીકમાં બંધાવું,
ઘડીકમાં છૂટવું એવો
અદબદવાળો ધ્યેય ના જોઈએ.'



## મુંબઈ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૧૩ થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૩



## અડાલજ : MMHT શિબિર : તા. ૧૮ થી ૨૨ જાન્યુઆરી ૨૦૨૩















## અડાલજ : WMHT શિબિર : તા. ૨૫ થી ૨૯ જાન્યુઆરી ૨૦૨૩







## અડાલજ : SMHT શિબિર : તા.૨ ફેબ્રુઆરી ૨૦૨૩







વર્ષ : ૨૮, અંક : ૭
સળંગ અંક : ૩૩૧
**માર્ચ ૨૦૨૩**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2023
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
Owned by & Published at
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન : 9328661166-77**
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
**ભારત :** ૧૦૦૦ રૂપિયા
**વાર્ષિક સભ્ય**
**ભારત :** ૨૦૦ રૂપિયા
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## જ્ઞાની આશ્રયે... 'છૂટવું છે'

### સંપાદકીય

આ સંસારના સ્વરૂપને કૃપાળુદેવે 'કાજળ કાળી કોટડી' કહી, ગમે ત્યાંથી ડાઘ પડ્યા વગર રહી ના શકે એવો આ સંસાર છે. સંસાર એટલે રાગ-દ્વેષનું કારખાનું. જેમ શક્કરિયું ભરહાડમાં બફાય તેમ જીવ સંસારમાં ચોગરદમથી રાત-દા'ડો બફાયા કરે છે, તે ક્યાંથી નાસે ? અનંત ચોવીસી વટાવી, જ્ઞાનીઓ-તીર્થંકરો ભેગા થયા છતાં ક્યાં ચૂકી ગયા ? કઈ ભૂલ રહી ગઈ ? ખરેખર મૂળ ભૂલ તો સ્વરૂપની અજ્ઞાનતા છે.

પરમ પૂજ્ય દાદા ભગવાનની કૃપાથી કર્મો ખપાવ્યા વગર સ્વરૂપનું ભાન સહજ થાય છે, પણ મહાત્માઓના ડિસ્ચાર્જ અહંકારમાં જે સુખની છૂપી માન્યતા છે તેથી ગૂંચો ઊભી થાય છે. આ જગતનું સ્વરૂપ જ એવું છે, કે સુખ વગર પોતે રહી શકતો નથી. હું આમ કરીશ એટલે કંઈક સુખ મળશે એવી ભ્રાંતિ વર્તે છે પણ એ ટેમ્પરરી સુખનું રિપેમેન્ટ દુઃખ-ભોગવટા છે. માટે આ ભ્રામક સુખની માન્યતાથી છૂટી મારે આત્માનું સુખ અનુભવવું છે એ નિશ્ચય દૃઢ કરવા જેવો છે.

મહાત્માઓને કકળીને થાય કે 'મારે છૂટવું છે' તો પછી છૂટવા માટેના કારણોનું સેવન થાય. પરમ પૂજ્ય દાદાશ્રી હંમેશાં કહેતા હતા કે છૂટવાના કારણો સેવે, એને પરિણામ છૂટવાનું આવશે જ અને જે બંધાવાના કારણો સેવે, એને બંધન આવશે. આપણે બધા છૂટવા માટે બધુંય ગોઠવતા હોય છે પણ પાછું ખાનગીમાં તપાસ કરીએ તો અંદર અહંકારને બાંધનારા કારણોમાં રસ છે. જેમ કે ભોગવી લેવું છે, ગુરુતમ થવું છે. ત્યારે આ બાજુ હજુ છૂટવાના કારણોવાળો કેવો હોય ? એ પ્રકૃતિ બોલે ખરું કે ભોગવવું છે પણ મહીં પોતાને ખૂંચે કે આ ખોટું છે, આમાં રસ નથી લેવા જેવો. એટલે પહેલા અંદરથી છૂટવાનું છે, બહારથી નહીં.

પ્રસ્તુત અંકમાં મહાત્માઓ કેવા કારણો સેવે કે જેથી છૂટી શકાય, તેવી પરમ પૂજ્ય દાદાશ્રીની વાણી અત્રે સંકલિત થઈ છે, જેમ કે છૂટવાવાળો ક્યાંય મોહ-માનની મીઠાશમાં તન્મયાકાર ના હોય, અહંકારને સ્કોપ ના મળે એવી જગ્યા ખોળી કાઢે, આત્મા સિવાય દરેક રિલેટિવ વ્યવહારમાં સુપરફ્લુઅસ રહે, જીવમાત્રને દુઃખ ના આપે, જગત નિર્દોષ દેખે અને અંતે તો લૌકિકમાં લઘુતમ બનવું એ જ છૂટવાની મૂળ ચાવી છે. આજ્ઞા પાલન સાથે સમભાવે નિકાલ, વીતરાગતા અને જ્ઞાની પ્રત્યેના પ્રશસ્ત રાગથી ભવોભવની ભટકામણથી છૂટાશે.

'વીત્યા કઈ આરાના આરા, ના દીઠા છૂટવાના બારા'! કાળ વિચિત્ર આવી રહ્યો છે, માટે ચેતતા રહેવા જેવું છે. હું કયે સ્ટેશનેથી આવ્યો છું ? કયે સ્ટેશને ઊતર્યો છું ? કયે સ્ટેશને જવાનું છે ? આપણી પ્રગતિ અટકતી તો નથી ને ? તેની સતત જાગૃતિ રાખવા જેવી છે. એમાં આમ કરી નાખું ને તેમ કરી નાખું એ કરવાપણું તો બંધનનું કારણ છે. 'જ્ઞાની પુરુષ'ના આશ્રયે સવળી સમજણ ફીટ કરી લઈએ ભવડો છૂટવા માટે છે. તેથી આપણે ઢીલાશ નહીં રાખવી, પુરુષાર્થ-પરાક્રમ માંડવો એ ધ્યેય હોવો ઘટે. ''ઉઠાવી લો આ છેલ્લી તક, આ અક્રમ જ્ઞાન હૃદિયે ભર !''

**જય સચ્ચિદાનંદ.**

# જ્ઞાની આશ્રયે... 'છૂટવું છે'

## (સૂત્ર - ૧)

**મોક્ષમાર્ગ લીધા પછી પ્રગતિ ક્યારેય પણ રૂંધાય નહીં એ જ આપણો હેતુ હોવો ઘટે.**

**પ્રશ્નકર્તા :** આપણે જ્ઞાન પામ્યા પછી જે આપણી પ્રગતિ થાય મહાત્માઓની, તે પ્રગતિની સ્પીડ શેના ઉપર આધાર રાખે છે ? શું કરે તો ઝડપી પ્રગતિ થાય ?

**દાદાશ્રી :** પાંચ આજ્ઞાઓ પાળે તો બધું ઝડપી ને પાંચ આજ્ઞા જ એનું કારણ છે. પાંચ આજ્ઞા પાળે એટલે આવરણ તૂટતું જાય ને શક્તિઓ પ્રગટ થતી જાય. તે અવ્યક્ત શક્તિ છે, એ વ્યક્ત થતી જાય. પાંચ આજ્ઞા પાળવાથી ઐશ્વર્ય વ્યક્ત થાય. બધી જાત જાતની શક્તિઓ પ્રગટ થાય. આજ્ઞા પાળવા ઉપર આધાર છે. અમારી આજ્ઞાને સિન્સીયર રહેવું એ તો મોટામાં મોટો મુખ્ય ગુણ કહેવાય. જ્ઞાનથી આજ્ઞા પાળે એટલે બધે પરિણામ પામેલું હોય અને બુદ્ધિથી આજ્ઞા પાળે એટલે પરિણામ પામે નહીં કશું !

**પ્રશ્નકર્તા :** આપ કોઈવાર એમ પૂછો છો કે પ્રગતિ થાય છે કે નહીં ? ત્યારે પ્રગતિ કઈ જગ્યાએ દેખાય, એટલે કે પ્રગતિમાં શું દેખાય ? કેવી રીતે ખબર પડે ?

**દાદાશ્રી :** ડખો ના થાય તે. કોઈની જોડે ડખોડખલ ના થાય. અગર તો આપણી જાતને પણ ડખો ના થાય. એ જોઈ લે એટલે પ્રગતિ થઈ છે. કોઈની જોડે ડખો થઈ ગયો તો બગડ્યું.

કરોડો અવતારેય જે વસ્તુ પ્રાપ્ત ના થાય એ તમને સહેજે પ્રાપ્ત થઈ છે. માટે હવે એનું રક્ષણ કરજો. બીજું બધું ધ્યાનમાં લેશો નહીં. સંસાર તો ચાલ્યા જ કરવાનો બધો. એ કશું અટકે નહીં કોઈ દહાડોય. જેમ આ દાઢીની ઈચ્છા ના હોય તોય થયા કરે છે ને ? એમ સંસાર ચાલ્યા કરવાનો. આ ઈચ્છા હોય કે ઈચ્છા નાય હોય. અને જે સ્વભાવ છે એ સ્વભાવમાં જ થયા કરવાનું. એ સંસારમાં આપણે આ આવો જોઈએ કે તેવો જોઈએ, એ ચાલે નહીં ત્યાં આગળ. માટે આટલું સાચવજો ઠેઠ સુધી !

## (સૂત્ર - ૨)

**સંસારમાં સુખ કહેવાય જ કેમ ? આ તો માની લીધેલું સુખ છે. સુખ તો સ્વતંત્રતા હોવી જોઈએ તેમાં છે. સંસારના સુખો મોળા લાગે નહીં ત્યાં સુધી સંસાર છૂટે નહીં !**

આ સંસારમાં સુખ છે જ નહીં. આ વિકલ્પી સુખો માટે ભટક ભટક કરે છે, પણ બૈરી સામી થાય ત્યારે એ સુખની ખબર પડે કે આ સંસાર ભોગવવા જેવો નથી. પણ આ તો તરત જ મૂર્છિત થઈ જાય ! મોહનો આટલો બધો માર ખાય છે, તેનું ભાન પણ રહેતું નથી.

આમાં સુખ હતું જ ક્યાં તે ? આ તો ભ્રાંતિથી સુખ લાગે છે. જેમ દારૂ પીધેલો માણસ હોય, એનો એક હાથ ગટરમાં પડ્યો હોય તો કહે, હા, મહીં ઠંડક લાગે છે, બહુ સરસ છે. તે દારૂને લીધે એવું લાગે છે. બાકી આમાં સુખ હોય જ ક્યાં આગળ ? આ તો નર્યો એંઠવાડ છે બધો !

સંસાર એટલે શું ? જંજાળ. માછલાંની જાળ તો સારી. એને કોઈક જગ્યાએ દાંત મૂકે ને, તો કાપી નાખે. આ જાળ તો કપાય નહીં. આમાંથી નીકળાય જ નહીં. ઠેઠ નનામી નીકળે ત્યારે નીકળાય ! આ જાળ નહીં, જંજાળ ! પાછી કપાય નહીં, ભોગવ્યે જ છૂટકો ! ભોગવે ત્યારે જાળ છૂટે ! હિસાબ બધો ચૂકવીએ ત્યારે જાળ છૂટે

પાછી ! પણ પાછી નવી જાળ તો તૈયાર કરી હોય આપણે, આવતા ભવની જાળ પાછી ઊભી કરી જ હોય ! સંસાર આખો જાળસ્વરૂપ છે. નાયલોનની જાળમાંથી છૂટે તો સૂતરની જાળમાં બંધાય. એ તો કોઈ છૂટેલો મળે તે જ આપણને છોડાવે.

આ સંસારની ઝંઝટમાં વિચારશીલને પોષાય નહીં. જે વિચારશીલ નથી તેને તો આ ઝંઝટ છે એનીય ખબર પડતી નથી, એ જાડું ખાતું કહેવાય. જેમ કાને બહેરો માણસ હોય તેની આગળ તેની ગમે તેટલી ખાનગી વાતો કરીએ એનો શું વાંધો ? એવું અંદરેય બહેરું હોય છે બધું એટલે એને આ જંજાળ પોષાય. બાકી જગતમાં મઝા ખોળવા માગે, તે આમાં તો વળી કંઈ મઝા હોતી હશે ? ગમે તેટલો વૈભવ હોય પણ બંધન લાગે.

**(સૂત્ર - ૩)**

**આ બંધન કેવી રીતે થયું ? બંધનથી મુક્ત કેવી રીતે થવાય ? પહેલું તો કેટલાંકને આ બંધન છે એય ભાનમાં નથી આવ્યું. પરવશતાનો અનુભવ થાય ત્યારે બંધનનો અનુભવ થાય. ક્રોધ-માન-માયા-લોભનું બંધન, ઘરના બંધન, બીજા બધા બંધન. બંધનનો અનુભવ થયા પછી મુક્તિનો માર્ગ જડે !**

બંધન એટલે જાણો છો ? બંધન એ શું છે ? આજે બંધાયેલા છો એ અનુભવ છે તમને કે નથી ?

**પ્રશ્નકર્તા :** ક્લીયર (સ્પષ્ટ) અનુભવ નથી.

**દાદાશ્રી :** ઘેર મોડા ગયા હો, તો ઘરમાં ઠપકો આપે ખરા ? (ઠપકો આપે) તો તમને ગમે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** એનું નામ બંધન-પરવશતા. એટલે મહીં બીક લાગે ને, મોડું થઈ જાય તો ? અને કંઈક ખોટું થઈ ગયું હોય તો સરકારની બીક લાગે ને ?

**પ્રશ્નકર્તા :** હા, લાગે.

**દાદાશ્રી :** એ બધી પરવશતા, અને પરવશતા એ જ બંધન છે. આ શરીર કે માથું દુઃખતું હોય તો આપણે બહાર નીકળીને બેસાય ? મહીં ઘરમાં બેસી રહેવું પડે ને ? દુઃખ ભોગવવું પડે ને ?

**પ્રશ્નકર્તા :** પ્રકૃતિથી પરવશ તો ખરાં ને ?

**દાદાશ્રી :** હા, પ્રકૃતિથી તો પરવશ, પણ આ ઘરના બધા માણસો, બધાથીયે પરવશ ને ? પેલા કહેશે, 'સવારના સાત વાગ્યા તોય ઊઠ્યા નથી ને હજુ ?' આપણે થાકેલા હોઈએ. પણ પેલા બોલે, 'ઊઠ્યા નથી', એટલે આપણે પાછું ઊઠવું પડે. નહીં તો કહે, 'એય ચા થઈ ગઈ, ઊઠો.' તે તબિયત સારી ના હોય તોય ઊઠવું પડે ને ?

**પ્રશ્નકર્તા :** બધાને અનુકૂળ રહેવું પડે ને !

**દાદાશ્રી :** હા, શું થાય પણ ! મહીં આખા ટોળાવાદમાં આવ્યા છીએ, પરસ્પર સંબંધમાં, તે પરવશ રહેવું જ પડે ને ! નિરાલંબ સંબંધ ઉત્પન્ન થાય તો જગતમાં કોઈનીયે જરૂર ના પડે.

પહેલું, બંધનમાં છું એવું જ્ઞાન થવું જોઈએ. આખો દહાડોય પરવશતા લાગે. સ્વતંત્ર નહીં ને ! પરવશતાનો અનુભવ થાય ત્યારે બંધનનો અનુભવ થાય. ક્રોધ-માન-માયા-લોભનું બંધન, ઘરના બંધન, બીજા બધા કેટલા બંધન ! બંધનનો અનુભવ થયા પછી મુક્તિનો માર્ગ જડે ! તમને અનુભવમાં આવે છે ને, કે કેટલી બાજુના બંધન છે, એવું ?

**પ્રશ્નકર્તા :** હા, પણ પહેલાં બંધન નહોતું લાગતું. આ તો તમે દેખાડ્યું ત્યારે બંધન સમજાયું.

**દાદાશ્રી :** આ તમને અહીં સત્સંગમાં બે કલાક બેસાડી રાખે, અહીંથી જવા ના દે, મહીં

ભૂખ લાગે, તો શું કરો તમે ? એ ભૂખનું બંધન કેટલું બધું ! તરસનું બંધન, ઊંઘનું બંધન, પછી આ પોલીસવાળો પકડે એય બંધન, સ્ત્રીનું બંધન, છોકરાનું બંધન, કેટલા પ્રકારના બંધનો !

એક ક્ષણવાર પણ આ બંધનનો અનુભવ ભૂલે નહીં ત્યારે એ ભગવાન મહાવીરનું વિજ્ઞાન સમજવાને પાત્ર થયો કહેવાય ! નિરંતર બંધન જ લાગ્યા કરે. એને આ ગમે નહીં કશુંય. પૈસા હોય તોય ગમે નહીં, સ્ત્રી હોય તોય ગમે નહીં, મોટર હોય તોય ગમે નહીં. નિરંતર બંધન લાગ્યા કરે. જેલમાં ઘાલ્યા કરતાંય ભૂંડી દશા છે ! આ તો મોટામાં મોટી જેલ ! છતાં પ્રમાદના જોરે ચા-પાણી પીવે, એટલે નશો થાય ને નશો ચઢે એટલે મસ્તીમાં જરા પાન-બાન ખાય, સોપારી કાતરીને ખાય, ના હોય તો ઈલાયચી નાખે મોઢામાં ને મસ્તીમાં ને મસ્તીમાં બેભાનપણે ચાલ્યા કરે.

આ સંસાર એટલે પરવશતાનું સંગ્રહસ્થાન ! પોતાનું પરવશપણું જ સમજાતું નથી ત્યાં સ્વતંત્રપણું ક્યાંથી સમજાય ? એટલે સ્વતંત્ર થવાની જરૂર છે ને ? આમ પરવશ ક્યાં સુધી રહેવું ?

### (સૂત્ર - ૪)

**ભગવાનનો શો કાયદો છે ? કોઈને છૂટવું હોય, તેને ભગવાન ક્યારેય બાંધતા નથી અને જેને બંધાવું હોય એને ક્યારેય પણ છોડતા નથી. છૂટવાની સાચી ઈચ્છા એટલે શું કે છૂટવાની ઈચ્છા એ ભૂલે નહીં, તો એ છૂટી શકે.**

હવે જેને બંધાવાની ઈચ્છા છે, એને છૂટવાનું મળે નહીં. જેને છૂટવાની ઈચ્છા છે, તેને બંધાવાનું મળે નહીં. છૂટવાની ઈચ્છા છે ખરી કોઈને ?

**પ્રશ્નકર્તા :** છૂટવા માટે તો અમે નીકળ્યા છીએ. સ્વતંત્રતા તો સહુને પ્યારી છે.

**દાદાશ્રી :** ના, પણ છૂટવાની સાચી ઈચ્છા જ કોઈ દહાડો કરી નથી ને ! બંધાવાની જ ઈચ્છા ગમે છે.

**પ્રશ્નકર્તા :** આ મારે છૂટવું છે તો કેવી રીતે છૂટવું ?

**દાદાશ્રી :** એમ નહીં, છૂટવાની ઈચ્છા કરવી જોઈએ ને !

**પ્રશ્નકર્તા :** આવી ઈચ્છા થઈ હોય ત્યારે જ પ્રશ્ન પૂછયો હોય ને !

**દાદાશ્રી :** ના, એવી ઈચ્છા તો બધાને થયેલી હોય ને ! દરેકને છૂટવાની ઈચ્છા થાય જ, આ બંધન ગમે નહીં, બધાને કંટાળો આવે જ. પણ છૂટવાની સાચી ઈચ્છા એટલે શું કે છૂટવાની ઈચ્છા એ ભૂલે નહીં, તો એ છૂટી શકે. પણ થોડીવાર ભૂલી જાવ છો કે નહીં ? રાતે ઊંઘી જાવ છો કે નહીં ?

**પ્રશ્નકર્તા :** ઊંઘ તો આવે જ ને !

**દાદાશ્રી :** હા, તોય પણ છૂટવાની ઈચ્છા ભૂલે નહીં એ છૂટી શકે. આ તો રાતે ઓઢીને સૂઈ ગયા એટલે થઈ રહ્યું. અને દહાડે કોઈકે કહ્યું કે 'તમારામાં અક્કલ નથી.' એટલે છૂટવાની ઈચ્છા તો ક્યાંય ભૂલી ગયા ને ઊલટી બંધાવાની ઈચ્છા કરે. તમને કોઈકે કહ્યું કે 'તમે અમારું આ બગાડ્યું.' તો તે વખતે છૂટવાની ઈચ્છા ભૂલી જાવ ને ? ને તે વખતે બંધાવાની ઈચ્છા કર્યા કરો ને ?

**પ્રશ્નકર્તા :** એ છૂટવાની ઈચ્છા ન ભૂલાય, એના માટે શું કરવાનું ?

**દાદાશ્રી :** એના માટે તો છૂટવાની ઈચ્છા શી રીતે થાય એ જાણવું જોઈએ. બાકી, આમ વાત કર્યે કશું વળે નહીં. એની પદ્ધતિ સિવાય કશું વળશે નહીં. એટલે પદ્ધતિ જોઈશે. જ્યાં સુધી અસલ વિજ્ઞાનમાં નહીં આવે ત્યાં સુધી છૂટાય નહીં !

## (સૂત્ર - ૫)

**છૂટવાના કારણો સેવે, તેને છૂટવાના બધા સંયોગ મળે. ત્યાં ભગવાન એને હેલ્પ કર્યા જ કરે છે અને બંધાવાના કારણો રાખે છે, તેનેય ભગવાન હેલ્પ કર્યા જ કરે છે.**

**પ્રશ્નકર્તા :** આપણને કઈ રીતે સમજાય કે બંધાવું છે કે છૂટવું છે ?

**દાદાશ્રી :** બંધાવાના કારણોનું સેવન કરે છે કે છૂટવાના કારણોનું સેવન કરે છે તેના પરથી સમજાય. છૂટવાના કારણો સેવે તેને છૂટવાના સંયોગ મળે. ત્યાં એને ભગવાન 'હેલ્પ' જ કર્યા કરે છે અને જે બંધાવાના કારણો સેવે છે તેનેય ભગવાન 'હેલ્પ' કર્યા કરે છે. ભગવાનનું તો 'હેલ્પ' જ કરવાનું કામ ને !

જેને બંધાવું છે એને કોઈ છોડનાર નથી અને છૂટવું છે તેને કોઈ બાંધનાર નથી. પણ એક ધ્યેય હોય. ઘડીકમાં બંધાવું, ઘડીકમાં છૂટવું એવો અદબદવાળો ધ્યેય ના જોઈએ. ધ્યેય એટલે નક્કી કે હવે આમાં જે થવાનું તે થાય. આ બધા ગાયા કરે છે ને, જે થવાનું હોય તે થાય, એવું ગાય. શું ગાય છે ?

**પ્રશ્નકર્તા :** નહીં છોડું દાદાજી, તમને નહીં છોડું; જે થવાની હોય તે થાય, દાદાજી તમને નહીં છોડું.

**દાદાશ્રી :** આ પોતાના ધ્યેયને ના છોડે પછી. પોતાનો ધ્યેય પ્રમાણે થાય એવું હોય, તો પછી એ છોડે નહીં.

**પ્રશ્નકર્તા :** એટલે આ ભવમાં જેને જ્ઞાની પુરુષનો ભેટો થયો એણે આગલા ભવમાં કોઈ વખતે મોક્ષપ્રાપ્તિનો ધ્યેય રાખ્યો હોય ?

**દાદાશ્રી :** હા, ત્યારે જ ભેગા થાય ને !

**પ્રશ્નકર્તા :** એટલે આ જન્મ ધારણ કરે ત્યારે એ ધ્યેય મળે જ ને ?

**દાદાશ્રી :** ફક્ત તે ધ્યેય અદબદ હોય, ચોકસાઈ નહીં.

**પ્રશ્નકર્તા :** ચોકસાઈ નહીં એટલે ઈચ્છા હોય, ધ્યેય ના હોય.

**દાદાશ્રી :** હા, એટલે ઈચ્છા ખરી. આ ધ્યેય ખરો પણ અદબદ ધ્યેય. પોતે બીજે પાટે ચડાવે ત્યારે બીજે પાટે ગાડી ચાલે એવો અદબદ ના જોઈએ. ધ્યેય એનું નામ કહેવાય કે કોઈ પાટે એ ચડે જ નહીં. કોઈ ગમે તેવા પાટે ચડાવે પણ ચડે નહીં.

**પ્રશ્નકર્તા :** એનું હોકાયંત્ર શું હોય ? 'અવળે પાટે, સવળે પાટે' એનું પ્રમાણ શું છે ?

**દાદાશ્રી :** આપણને ગમતું બોલે અને આપણને ફેર ચઢે તો જાણવું કે આ 'પોઈન્ટમેન' આવ્યા ! ગમતું બોલે એટલે ફરી મન ભમી જાય. એટલે 'પોઈન્ટમેન' છે, તે બીજે પાટે ચઢાવી દે ગાડી, એટલી જ 'સ્પીડ'થી ! છતાં બીજે પાટે જાય તે ખબરેય ના પડે કે હું બીજે પાટે છું. પછી કોઈ કહે, ''અરે, આ 'રોંગ વે' પર ક્યાં આવ્યા ?'' ત્યારે કહે, ''અમારું 'રોંગ વે' હોય નહીં કોઈ દહાડો !''

**પ્રશ્નકર્તા :** એથી સતત જ્ઞાનીનો આશરો રાખવાનું કહ્યું ને ?

**દાદાશ્રી :** તેથી જ કહ્યું ને, નહીં તો વાત વાતમાં 'પોઈન્ટમેન' મળી આવશે અને ગાડીનો પાટો ફેરવી નાખે, હડહડાટ ! આપણી 'મેઈન લાઈન' ખસી ના જાય તેનો ખ્યાલ રાખવો. આ બધી પાછલી આદતોને ? એ આદતો કાઢી નથી ફક્ત. આપણી સમજમાં આવવી જોઈએ કે આ આદતો પાછલી છે.

એક તો અહંકારની મીઠાશ આવે અને અવળે પાટે ચઢ્યાની મીઠાશ આવે અને 'ઈમોશનલ' થતો જાય. જ્યારે 'મેઈન લાઈન' પર હોય તો નિરાકુળતા હોય જ. અને પેલું તો નિરાકુળતા ખસી જાય, મોઢું વ્યાકુળ લાગે, આ બધા વિચારો, બધું વ્યાકુળ લાગે. અવળે પાટે ચાલે એટલે પોતાનું સુખ ખોઈ નાખે.

**પ્રશ્નકર્તા :** તો દાદા, આટલા સુંદર-સહજ રીતે સંજોગો ભેગા થતા હોય છતાં પેલો મોક્ષપ્રાપ્તિનો ધ્યેય ગયા જન્મમાં કે આગલા કોઈ અવતારમાં અદબદ ધ્યેય હોય એટલે આવું થાય ?

**દાદાશ્રી :** તેથી જ ને, નહીં તો ના થાય. તમને તો બહુ પુણ્યશાળી ગણે લોકો. પણ હવે પુણ્યશાળીનેય પાપ ફરી વળે તેનું શું થાય ? એટલે એ તો વિચારી વિચારીને મહીં મોહના પરમાણુ છે ને, તે ફેંકી દેવા પડે. આ મોક્ષમાર્ગને નુકસાન કરનારા પરમાણુ હોય, તે મોહના પરમાણુ બધા ફેંકી દેવા પડે. એ મહીં ભરી લાવ્યો હોય. કારણ કે કુસંગનું જોર બહુ એટલે કુસંગથી મહીં પેસી જાય, તે પછી ફેંકી દેવા પડે. ફેંકી દેવાનું એટલે શું ? એનાથી નિવૃત થઈ જવાનું. ભલે પડ્યા રહ્યા પણ એનું ધ્યાન નહીં લેવાનું. એની મેળે ઉદય આવે. ફળ આપીને જતા રહે.

એટલે જેણે છૂટવાનું નક્કી જ કરી દીધું, એને કોઈ બાંધનાર નથી. મોક્ષે જવાનું નક્કી જ કર્યું કે હવે મારે મોક્ષ સિવાય બીજી કોઈ ચીજ જોઈતી નથી એટલે બંધાયું આ તેનું. આયે જોઈએ છે ને તેય જોઈએ છે એટલે એ બાંધે.

**પ્રશ્નકર્તા :** તો તો આ હિસાબે મારો અત્યારનો જે ધ્યેય છે તે હજુ અદબદ જ કહેવાય.

**દાદાશ્રી :** એ બળ્યા, અદબદ જ છે ને ! મોહના પરમાણુ ઊડાડે નહીં, ત્યાં સુધી અદબદ જ છે ને ! મોહ હજુ ગમે છે.

## (સૂત્ર - ૬)

**બહુ દુઃખ વેઠ્યાં છે. જો તેની નોંધ કરે ને, તોય મોહ છૂટી જાય ! છતાં મોહ ઊતરતો નથી ને માર ખવડાય ખવડાય કરે છે !**

સંસાર આખો દગો છે. એમાં કોઈ આપણો સગો નથી. એવા આ સંસારની વિકરાળતા જો સમજાઈ જાય તો મોક્ષની ઈચ્છા તીવ્ર થાય. સંસારની વિકરાળતા એ તો મોક્ષ માટેનું કાઉન્ટર વેઈટ છે.

આ એક મનુષ્ય અવતાર મહાપરાણે મળ્યો છે. ત્યાં તો પાંસરો મર ને ! અને કંઈક મોક્ષનું સાધન ખોળી કાઢ ને કામ કાઢી લે. છોકરો પજવે ત્યારે ડોસી કહેશે, કે 'બળ્યો આ સંસાર, ખારો દવ જેવો છે.' ત્યારે આપણે કહીએ, કે 'માજી, શું આ સંસાર પહેલાં ખારો નહોતો ?' એ તો કાયમનો ખારો જ છે. પણ મોહને લઈને, મૂર્ચ્છાને લઈને મીઠો લાગતો હતો. તે છોકરો પજવે એટલે મૂર્ચ્છા એટલા પૂરતી ઊડી જાય ને સંસાર ખારો લાગે. પણ ફરી પાછી મૂર્ચ્છા આવી જાય ને બધું ભૂલી જાય ! 'જ્ઞાની'ને તો એટ એ ગ્લાન્સ બધું હાજર રહે. એમને તો આ જગત જેમ છે તેમ નિરંતર દેખાયા જ કરે. એટલે મોહ રહે જ ક્યાંથી ? આ તો પેલાને ભાન નથી તેથી માર ખાય છે.

આવા સંસારની વિકરાળતા સમજી લેવાની છે. આ તો એમ જ સમજે છે કે આમાંથી હું કાંઈક સુખ લઈ આવું છું. આમ કરીશ એટલે કંઈક સુખ મળશે. પણ ત્યાંય માર ખાય છે. જ્યાં જ્યાં મોહ પેસે, ત્યાં ત્યાં દુઃખ થાય. બહુ દુઃખ વેઠ્યા છે. જો તેની નોંધ કરે ને, તોય મોહ છૂટી જાય. છતાં મોહ ઊતરતો નથી ને માર ખવડાય ખવડાય કરે છે. 'મહીં' પડેલા ઘા રૂઝાઈ જાય છે તે મોહને લઈને જ. નહીં તો વૈરાગ જ આવી જાય ને !

### (સૂત્ર - ૭)

**તમે સંસારમાં કંઈ ભોગવો ને તેમાં તમને રસ આવતો હોય તો તે બંધન થાય ને તે ભોગવતા જરાય રસ ના હોય ત્યારે બંધન ના થાય. તે જ સાચો પુરુષાર્થ છે.**

ખાવ, પીવો, બધુંય કરો. મેં ખાવાની ના નથી પાડી, કપડાં ફાવે તેવા પહેરો, પણ નિરસ થાવ. આ બધામાં નિરસ થાય તો આત્માનો અનુભવ થઈ જાય. આ બધા રસને લીધે આત્માનો અનુભવ થતો નથી. બીજે બધે રસ હોય તો અહીં આત્માની બાબતમાં નિરસ થયો, એટલે અનુભવ ના થાય.

કોઈ ચીજથી બંધાય જ નહીં એવી આપણી 'જાત' છે. એ 'જાત'ને ઓળખો, એનું જ્ઞાન કરો, એવો આત્મા છે !

હવે જેને આત્મસુખ છે એ આ બહારનું સુખ ખોળે નહીં કે આવામાં ફલાણું ખાઈશ તો સુખ આવશે. ફલાણું ખાઈશું તો સુખ આવશે કે આમ ફરવા જઈશું તો સુખ આવશે, ઊંઘી જઈશું તો સુખ આવશે, એ તો બધી માન્યતા છે. અનંત અવતારથી આનું આ જ કર્યું છે ને ! ઊંઘી જ ગયો છે ને, બીજું શું ? જાગ્યો જ નથી ને !

હજુ તો સુખ ખોળો છો બહારનું, ત્યાં સુધી આત્મા પ્રાપ્ત થયેલો, તેનું સુખ ના આવે. નહીં તો અમે જે આત્મા આપ્યો છે, એ તો નિરંતર સુખ આપે એવો છે, પણ બહારનું સુખ ના ખોળે તો. બહારનું સુખ ખોળે એટલે આ બધું સુખ આવે નહીં. જે ભિખારી હોય તે બહાર ખોળે. અંદર ના મળતું હોય તે બહાર ખોળે. અંદરના બારણાં બંધ હોય, અંદરની આવક બંધ હોય તો પછી બહારની આવક ઊભી કરવી પડે.

મહીં કોઈ જગ્યાએ હજુ રસ રહેલો હશે, તેની તપાસ કરશો તો ખબર પડશે. નહીં તો આત્માનો અનુભવ થઈ જ જવો જોઈએ. 'અહીં' રસ હોય તો ત્યાં રસ ના હોય. 'અહીં' આત્મામાં સંપૂર્ણ પ્રકારે રસ હોય તો પણ આ ઈન્દ્રિયો સારી રીતે ખાય-પીએ, બધું જ કરે એવું છે. તમને રસ ના હોય તોય પણ સ્વાદ આવશે. રસ રહેવાથી તો ઊલટો સ્વાદ બગડે છે. કારણ કે સહજતા તૂટે છે ને ! રસ હોવાથી ઈમોશનલ હોય. એટલે એનો સ્વાદ ઊલટો બગડે છે.

**પ્રશ્નકર્તા :** પણ હવે પહેલાં જેવી ચોંટ નથી રહી.

**દાદાશ્રી :** હવે ખરેખર ચોંટ નથી રહી, પણ થોડી થોડી ચોંટ છે, તે રસ છે. અને તેથી જ આત્માનુભવ બાકી છે. હજુ પાનમાં રસ છે ને ? જ્યાં સુધી કશામાંય રસ છે થોડો, એટલો અનુભવ કાચો કહેવાય.

**પ્રશ્નકર્તા :** આત્માની બાબતમાં રસ વધારે રહે છે.

**દાદાશ્રી :** તમને હવે એવું લાગે છે કે કશામાં રસ રહ્યો નથી ! એ તો કોઈ અપમાન કરશે ત્યારે ખબર પડશે કે રસ રહ્યો છે કે નહીં !

### (સૂત્ર - ૮)

**છૂટવું હોય તો તે જે જે કંઈ કડવું-મીઠું આપે (ગાળો વગેરે), તે જમે કરી લેજો.**

મૂળ વસ્તુ પામ્યા પછી હવે અહંકારનો રસ ખેંચી લેવાનો છે. અહંકારનો સ્વભાવ છે કે નાટકીય બધું જ કામ કરી આપે. અહંકાર તો કામનો છે, નહીં તો સંસાર વ્યવહાર ચાલશે કેમ ? અહંકારને મારવાનો નથી, નિરસ કરવાનો છે. બધાને અપમાન ના ગમે. પણ અમે કહીએ છીએ કે એ તો બહુ હેલ્પિંગ છે. માન-અપમાન એ તો અહંકારનો કડવો-મીઠો રસ છે. અપમાન

કરે તે તો તમારો કડવો રસ ખેંચવા આવ્યો કહેવાય. 'તમે અક્કલ વગરના છો' એમ કહ્યું એટલે એ રસ સામાએ ખેંચી લીધો. જેટલો રસ ખેંચાયો એટલો અહંકાર તૂટ્યો અને એ પણ વગર મહેનતે બીજાએ ખેંચી આપ્યો. અહંકાર તો રસવાળો છે. જ્યારે અજાણતા કોઈ કાઢે ત્યારે લહાય બળે. એટલે જાણીને સહેજે અહંકાર કપાવા દેવો. સામો સહેજે રસ ખેંચી આપતો હોય એના જેવું તો વળી બીજું શું ? સામાએ કેટલી બધી હેલ્પ કરી કહેવાય !

'જ્યારે અપમાનનો ભય નહીં રહે ત્યારે કોઈ અપમાન નહીં કરે' એવો નિયમ જ છે. જ્યાં સુધી ભય છે ત્યાં સુધી વેપાર. ભય ગયો એટલે વેપાર બંધ. તમારા ચોપડામાં માન અને અપમાનનું ખાતું રાખો. જે જે કોઈ માન-અપમાન આપે તેને ચોપડામાં જમે કરી દો, ઉધારશો નહીં. ગમે તેટલો મોટો કે નાનો કડવો ડૉઝ કોઈ આપે તે ચોપડામાં જમે કરી લો. નક્કી કરો કે મહિનામાં સો જેટલા અપમાન જમે કરવા છે. તે જેટલા વધારે આવશે, તેટલો વધારે નફો. અને સોને બદલે સિત્તેર મળ્યા તો ત્રીસ ખોટમાં. તે બીજે મહિને એકસો ત્રીસ જમે કરવાના. ત્રણસો અપમાન જેને ચોપડે જમા થઈ જાય, તેને પછી અપમાનનો ભય ના રહે. એ પછી તરી પાર ઊતરી જાય. પહેલી તારીખથી ચોપડો ચાલુ જ કરી દેવાનો. આટલું થાય કે ના થાય ?

### (સૂત્ર - ૯)

**દરેક અવસ્થા સારી કે ખરાબ, છૂટવા માટે જ આવે છે. ત્યાં આપણે ઉપયોગપૂર્વક રહીએ એટલે ચોખ્ખેચોખ્ખું થઈ જાય !**

આ સંસારમાં કેવું છે ? દુઃખ પડે તેય ભૂલી જાય, સુખ પડે તેય ભૂલી જાય, નાનપણમાં વેર બાંધે તેય ભૂલી જાય. પછી ભેગા બેસીને ચા પીવે પાછા, બધું ભૂલી જાય. પણ જે વખતે જે અવસ્થા ઉત્પન્ન થઈ, તે અવસ્થામાં ચિતરાઈને સહીઓ કરી નાખે છે. આ સહીઓ કરેલી પછી ના ભૂંસાય. માટે વાંધો આ સહીઓ થાય છે તેનો છે. લોક વાતવાતમાં સહીઓ કરી નાખે. અમથા અમથા દબડાવતા જાય તેમાંય સહીઓ થઈ જાય છે. અરે ! આપણી છોડી કોઈ ઉઠાવી જાય તોય તે વખતે સહીઓ ના કરાય. લોક અવસ્થામાં જ બધું ચિતરી નાખે છે, મારી નાખવાનુંયે ચિતરી નાખે ! જગત આખું અવસ્થામાં રહ્યા કરે, અવસ્થાની બહાર નીકળી શકે નહીં. અવસ્થામાં રહેનારને તો રાત-દહાડો અસ્વસ્થતા રહે.

દરેક અવસ્થા છૂટવા માટે જ આવે છે. આ જેટલી અવસ્થા ઉત્પન્ન થાય છે, ખરાબ કે સારી, શાતા વેદનીય કે અશાતા વેદનીય, પણ એ છૂટવા માટે આવે છે. અવસ્થા શું કહે છે, કે 'તમે છૂટો.' ત્યાં આપણે ઉપયોગપૂર્વક રહીએ એટલે ચોખ્ખે ચોખ્ખું છૂટી જાય. પેલું ડાઘવાળું આવે, ધોવું તો આપણને જ પડે ને !

ખરી રીતે આ જગતમાં વાસ્તવિકપણે જોવા જાય તો, ભગવાન પોતાની અવસ્થાઓ લઈને ફર્યા કરે છે. કોઈ પાંગળો, લૂલો, દુઃખી, ટી.બી.વાળો, આમ બધી અવસ્થાઓ લઈને ભગવાન પોતે ફર્યા કરે છે. આપણે અવસ્થાને જોઈએ છીએ અને જો ભગવાન જોતાં આવડ્યું તો કામ થઈ ગયું ! મૂળ સ્વરૂપ એ તત્વ સ્વરૂપ છે, એ અવિનાશી છે ને અવસ્થા વિનાશી છે.

મોક્ષમાં જવાનું જે પ્રમાણપત્ર છે, તેમાં કોઈ ક્રિયા જોવામાં આવતી નથી. માત્ર વીતરાગતા જ જોવાય છે. ડખો કોનું નામ ? કોઈ પણ અવસ્થા હમણાં થઈ તેમાં ચિત્ત થોડીવાર ચોંટ્યું, તે ડખો. આ જાત્રામાં ગમે તેવી અવસ્થા આવે તોય અમે ચોંટ્યા નથી. અમે અવસ્થાને ઊભી ના રાખીએ.

ત્રણ મિનિટ ઊભી રાખીએ તો બધાની લાઈન થઈ જાય. સમજાય છે આ ? અવસ્થાઓમાં તન્મયાકાર રહે એનું નામ સંસાર, એ જ સંસારબીજ નાખે છે, અને સ્વરૂપમાં તન્મયાકાર એનું નામ મોક્ષ.

## (સૂત્ર - ૧૦)

**તારે જો મોક્ષે જવું હોય તો પછી ઝાંખરામાં ભરાઈ ના રહીશ. ધોતિયું ભરાય તો તે ભલે ફાટી જાય પણ ખેંચીને ચાલવા માંડવું. અરે, નીકળી જાય તો ભલે, તેને છોડીને ચાલવા માંડવું !**

જો મોક્ષે જવું હોય તો 'એવરીવ્હેર એડજસ્ટ' થવું જ પડશે. તેમજ 'કોઈનીય અથડામણમાં ના આવીશ અને અથડામણને ટાળજે.' આ અમારા વાક્યનું જો આરાધન કરીશ તો ઠેઠ મોક્ષે પહોંચીશ. તારી ભક્તિ અને અમારું વચનબળ બધું જ કામ કરી આપે. સામાની તૈયારી જોઈએ. અમારું એક જ વાક્ય જો કોઈ પાળે તો તે મોક્ષે જ જાય. અરે, અમારો એક શબ્દ 'જેમ છે તેમ' આખો જ ગળી જાય તોય મોક્ષ હાથમાં આવી જાય તેમ છે. પણ એને 'જેમ છે તેમ' ગળી જા. અમારો એક શબ્દ એક દહાડો પાળે તો ગજબની શક્તિ ઉત્પન્ન થાય ! અંદર એટલી બધી શક્તિઓ છે કે ગમે તેવી અથડામણ કોઈ નાખી જાય (કરવા આવે) તોય તે ટાળી શકાય. જે જાણી-જોઈને ખાઈમાં પડવાની તૈયારીમાં છે, એવાની જોડે અથડામણમાં બેસી રહેવું છે ? એ તો ક્યારેય મોક્ષે નહીં જાય પણ તનેય એની જોડે બેસાડી રાખશે. એ ક્યાંથી પોસાય ? જો તારે મોક્ષે જ જવું હોય તો આવા જોડે બહુ દોઢડાહ્યાયે નહીં થવાનું. બધી જ બાજુથી, ચોગરદમથી સાચવવાનું, નહીં તો તમારે આ જંજાળમાંથી છૂટવું હશે તોય જગત નહીં છૂટવા દે. માટે ઘર્ષણ ઉત્પન્ન કર્યા વગર 'સ્મૂથલી' (સરળતાથી) બહાર નીકળી જવાનું છે. અરે, અમે તો ત્યાં સુધી કહીએ છીએ કે જો તારું ધોતિયું ઝાંખરામાં ભરાયું હોય ને તારી મોક્ષની ગાડી ઊપડતી હોય તો મૂઆ, ધોતિયું છોડાવવા ના બેસી રહીશ ! ધોતિયું મૂકીને દોડી જજે. અરે, એક ક્ષણ પણ એકેય અવસ્થામાં ચોંટી રહેવા જેવું નથી, તો પછી બીજા બધાની તો વાત જ શી કરવી ? જ્યાં તું ચોંટ્યો એટલે તું તારા સ્વરૂપને ભૂલ્યો.

## (સૂત્ર - ૧૧)

**એક જ લક્ષ રાખજો કે 'આત્મા જાણવો છે.' 'આ કરવું ને તે કરવું', તેના આગ્રહમાં પડશો નહીં. જે વખતે જે થયું તે ખરું.**

આ જગતમાં એવું કોઈ સત્ય નથી કે જેનો આગ્રહ કરવા જેવો હોય ! જેનો આગ્રહ કર્યો, એ સત્ય જ નથી ! આ 'વીતરાગ ભગવાન' પાછાં પોતાનો માર્ગ સાચો છે એવું દબાણ ના કરે. 'શાથી ?' દબાણ કરે તો એમની વીતરાગતા તૂટી જાય. મોક્ષ નિરાગ્રહીનો છે, આગ્રહીનો નથી. વીતરાગ ભગવાન આગ્રહ ક્યારેય ના કરે. આગ્રહી એ પક્ષમાં પડે ને પક્ષપાતીનો ક્યારેય મોક્ષ નથી ! આગ્રહ છે ત્યાં સંસાર છે. જ્યાં આગ્રહ ત્યાં પકડ, ને જ્યાં પકડ ત્યાં વ્યથા !

આ પકડથી જ બંધાયેલા છે. એ પકડ જ એમને બાંધે છે. આ ખરું ને આ ખોટું, એમાં ગયા ! કોઈપણ વાત બે મિનિટથી વધારે લંબાઈ તો ત્યાંથી ભગવાન ખસી જાય ! વાત ચૂંથાઈ કે ભગવાન ચાલ્યા જાય. વાતચીત કરવાનો વાંધો નથી પણ એને પકડવું નહીં. પકડે એટલે બોજો વધે.

આ કોઈ વસ્તુની પકડ પકડવી નહીં. જે પાણીએ મગ ચઢે તે પાણીએ મગ ચઢાવવા. ચઢાવવું જ છે તો ગટરના પાણીએ પણ ચઢાવ જલદી,

એટલે આપણે જે પાણીએ ચઢે ને, તે જ પાણીએ ચઢાવીને કામ આગળ ધકેલવું. કોઈને હિંસક ના હોવું જોઈએ. એમાં કોઈને નુકસાનકર્તા ભાવ ના હોવો જોઈએ, (આપણું) કામ કાઢી લેવું. પકડ પકડે ને, તેથી આપણો આગળ છે તે માર્ગ રૂંધાય છે, પ્રગતિ રૂંધાય છે.

## (સૂત્ર - ૧૨)

**આ કુદરતનું કેવું છે ? કોઈ પણ જીવને કિંચિત્‌માત્ર એનું ધાર્યું ના થવા દે. પણ જેનાથી કિંચિત્‌માત્ર કોઈને મનથી, વાણીથી કે વર્તનથી દુઃખ થતું નથી, તેને કુદરત બધી સત્તા આપે છે, ધાર્યું કરવાની.**

**પ્રશ્નકર્તા :** સામાની પાસે પોતાનું ધાર્યું કરાવવું એ આડાઈમાં ગણાય ?

**દાદાશ્રી :** બીજું શું ત્યારે ? આડાઈ નહીં ત્યારે બીજું શું ? અને એ રિસાઈ કરીને, છેવટે ત્રાગું કરીનેય પણ ધાર્યું કરાવે. ત્રાગું તમે જોયેલું નહીં ? ત્રાગું એટલે પોતે એવું કરે કે સામો ભડકીને પછી એની વાત 'એક્સેપ્ટ' (સ્વીકાર) કરી દે. પોતાનું ધાર્યું કરાવવા માટે ગમે તેવું કરે. માથું કૂટે, આમ કૂટે, કૂદાકૂદ કરે, રડે, છેડો વાળે. આપણને ચોગરદમથી બિવડાવી મારે, એનું નામ ત્રાગું કહેવાય. પોતાનું ધાર્યું ના થાય ત્યારે ત્રાગાં કરે. ધાર્યું કરાવવા માટે કરે એ ત્રાગું કહેવાય. પોતાનું ધાર્યું કરાવવા માટે, બીજા બધા માણસોને બિવડાવવા માટે તાગડો રચવો, એનું નામ ત્રાગું. માર-તોફાન, તોફાન !

**પ્રશ્નકર્તા :** આ ધાર્યું થવામાં તો અત્યાર સુધીની ભૂલો જે થઈ છે ને, આવતો ભવ બંધાવવા માટે, કારણ કે ધાર્યું કરવું હતું. ધાર્યુ થતું હોતું નથી, પણ આવતો ભવ જરૂર બંધાઈ જાય છે એનાથી. એવું જ છે ને ?

**દાદાશ્રી :** એવું જ છે, આવતા ભવના બીજ પડે. વ્યવસ્થિતને જેવું ખોટું કહ્યું કે બીજ પડે. અને તે વ્યવસ્થિત એ ભગવાન જેવી શક્તિ કહેવાય (છતાં જડશક્તિ છે). એને ખોટું કંઈ બીજું બોલતા નહીં. એની પર શંકા કરી તો પણ બીજ પડે.

**પ્રશ્નકર્તા :** આખી કર્તાભાવની જે દૃષ્ટિ બંધાયેલી છે, તે જ આખો આવતો ભવ બંધાવે છે ?

**દાદાશ્રી :** હા, એ જ, બીજું કોણ ? અહંકાર છે ને, તે જ.

**પ્રશ્નકર્તા :** અને આ વ્યવસ્થિતની આજ્ઞાથી એ દૃષ્ટિ છૂટે છે !

**દાદાશ્રી :** છૂટી જાય અને વ્યવસ્થિત જ છે. છેવટે વ્યવસ્થિતને આધીન કરવું પડે છે.

## (સૂત્ર - ૧૩)

**જ્યાં સુધી કર્તાપદ છે ત્યાં સુધી અધ્યાત્મની જાગૃતિ જ ગણાતી નથી, ત્યાં સુધી તે અધ્યાત્મમાં ઊંઘે છે. કર્તાપદ હોય તો સ્વચ્છંદ કહેવાય. 'કર્તા પોતે છે' એમ માનવાથી જગત ઊભું રહ્યું છે ને 'કર્તા કોણ છે' એ જાણે તો છૂટે. આ 'ભગવાન' કર્તા નથી ને 'લોકો'ય કર્તા નથી. કર્તા તો બીજી શક્તિ છે, જે કામ કરી રહી છે. અમે એને 'વ્યવસ્થિત શક્તિ' કહીએ છીએ.**

બધાય અવતારમાં ભટકી ભટકીને આવ્યો છે, ક્યાંય સાચું સુખ મળ્યું નથી. ત્યાં અહંકારની ગર્જનાઓ અને વિલાપ જ કર્યા છે. અહંકારથી ડખો ના કરતો હોય તો આ જેમ છે તેમ જાણે. હવે અહંકાર શાથી કરે છે, કે પોતે કરતો નથી અને શું કહે, 'મેં આમ કર્યું ને તેમ કર્યું.' પણ તે કહેવાનું એ નાટકીય રીતે બોલવાનું. ભગવાન કર્તા નથી અને તમેય કર્તા નથી. જે કરે એને

બંધન થાય. એટલે કરે છે બીજી શક્તિ, એ 'વ્યવસ્થિત શક્તિ.' બાકી એને મૂળ સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ છે. એવી રીતે આ બધું વિજ્ઞાનથી ઊભું થયેલું છે. આ કરે છે બીજો અને તમે માનો છો કે 'હું કરું છું આ' એટલું જ, એનું નામ અહંકાર. આ અહંકાર જાય, એટલે આ 'વ્યવસ્થિત' છે બધું અને અહંકાર હોય ત્યાં સુધી ડખો કર્યા વગર રહે નહીં. ડખો તો આમ કરું ને તેમ કરું, આવો ડખો કરે છે તે, એથી કશું વળે નહીં.

તમારે છેલ્લે સ્ટેશને (મોક્ષે) જવાનું હોય તો કરવાનું ના હોય કશુંય. તમારે બીજે સ્ટેશને જવું છે, વચલા સ્ટેશને (ચાર ગતિમાં) જવું છે ને ? કારણ કે જ્યાં કરવાનું હોય ત્યાં તો છેલ્લું સ્ટેશન હોય જ નહીં ને ! જ્યાં કરવાનું હોય ત્યાં ભ્રાંતિ વધતી જાય ઊલટી. કર્તાપણું એ જ ભ્રાંતિ છે. તો પછી આ તો પાછું ઉમેરાયું કર્તાપણું કે 'આ કરો ને તે કરો ને ફલાણું કરો ને આમ કરો.' અહીં કરવાપણાનો માર્ગ ના હોય, આ સમજવાનો માર્ગ હોય.

અક્રમમાં આખુંય કર્તાપદ જ ઊડી ગયું હોય છે, વ્યવસ્થિત જ કર્તા આવી ગયું અને તે પદ્ધતસર જ છે. કર્તા બીજી વસ્તુ છે અને 'આપણે કરીએ છીએ' એવું કહીએ છીએ, એટલે આપણને બંધન થાય છે. એ કર્તાપણું છૂટી જાય એટલે આપણે છૂટી જઈએ.

## (સૂત્ર - ૧૪)

**વ્યવહાર શું છે, એટલું જ જો સમજે તોય મોક્ષ થઈ જાય. વ્યવહાર બધો 'રિલેટિવ' છે ને ઓલ ધીસ રિલેટિવ્સ આર ટેમ્પરરી એડજસ્ટમેન્ટ્સ. 'રિલેટિવ'નો અર્થ જ શો ? 'સુપરફ્લુઅસ.' વ્યવહાર એટલે 'સુપરફ્લુઅસ.'**

સંસારમાં ડ્રામેટિક (નાટકીય) રહેવાનું છે. આ બધી ક્રિયા છે, તેને પોતાની ક્રિયા માની લીધી. એ ખોટી 'બીલિફ' (માન્યતા) થઈ છે. આ 'સુપરફ્લુઅસ' છે. આને મનમાં રાખી મૂકવા જેવું ન્હોય, ચિત્તમાં ફોટોગ્રાફી લેવા જેવું ન્હોય. આ તેથી આપણે કહીએ છીએ ને કે તમને 'આ' જ્ઞાન આપ્યું છે, હવે તમે 'હોમ ડિપાર્ટમેન્ટ'માં તમારી રૂમમાં રહો અને 'ફોરેન'માં 'સુપરફ્લુઅસ' રહેજો. આ 'રિલેટિવ' છે બધો વ્યવહાર. 'રિયલ' એકલું જ નિશ્ચય છે, હકીકત સ્વરૂપ છે, વાસ્તવિક છે !

જ્ઞાની પુરુષ વ્યવહારમાં 'સુપરફ્લુઅસ' રહે તો બધાય ખુશ રહે એમની પર. કારણ કે લોકોને 'સુપરફ્લુઅસ' જોઈએ છે. બહુ આસક્તિ લોકોને નથી ગમતી.

તમે પોતે શુદ્ધાત્મા ને આ બધો વ્યવહાર ઉપરછલ્લો એટલે કે 'સુપરફ્લુઅસ' કરવાનો છે. પોતે 'હોમ ડિપાર્ટમેન્ટ'માં રહેવું અને 'ફોરેન'માં 'સુપરફ્લુઅસ' રહેવું. 'સુપરફ્લુઅસ' એટલે તન્મયાકાર વૃત્તિ નહીં તે, 'ડ્રામેટિક' તે. ખાલી આ 'ડ્રામા' જ ભજવવાનો છે. 'ડ્રામા'માં ખોટ ગઈ તો પણ હસવાનું ને નફો આવે તો પણ હસવાનું. 'ડ્રામા'માં દેખાવ પણ કરવો પડે, ખોટ ગઈ હોય તો તેવો દેખાવ કરવો પડે ! મોઢે બોલીએ ખરા કે બહુ નુકસાન થયું, પણ મહીં તન્મયાકાર ના થઈએ. આપણે 'લટકતી સલામ' રાખવાની. ઘણા નથી કહેતા કે ભઈ, મારે તો આની જોડે 'લટકતી સલામ' જેવો સંબંધ છે ? એવી જ રીતે આખા જગત જોડે રહેવાનું. જેને 'લટકતી સલામ' આખા જગત જોડે આવડી એ જ્ઞાની થઈ ગયો. આ દેહ જોડે પણ 'લટકતી સલામ !' અમે નિરંતર બધા જોડે 'લટકતી સલામ' રાખીએ છીએ તોય બધા કહે કે 'તમે અમારા પર બહુ સારો ભાવ રાખો છો.' હું વ્યવહાર બધાય કરું છું પણ આત્મામાં

રહીને. વ્યવહારમાં પણ જાગૃતિપૂર્વક થાય ત્યારે 'પ્રોગ્રેસ' (પ્રગતિ) કહેવાય.

## (સૂત્ર - ૧૫)

**આપણે છૂટવું હોય તો આપણે હરીફાઈમાં ના રહીએ. હરીફાઈમાં હોઈએ ત્યાં સુધી સામો એના દોષ સંતાડે ને આપણે આપણા !**

જ્યાં જુઓ ત્યાં 'રેસકોર્સ.' કારણ કે આ લોક બધા 'રેસકોર્સ'માં ઊતરેલા છે. ઘેર 'વાઈફ' જોડેય 'રેસકોર્સ' ઉત્પન્ન થયેલું હોય ! બે બળદ જોડે ચાલતા હોય ને એક જરા આગળ થવા જાય ને, તો બીજો જોડેવાળો હોય ને, એય જોર કરે પછી.

**પ્રશ્નકર્તા :** એવું શાથી ?

**દાદાશ્રી :** 'રેસકોર્સ'માં ઊતર્યા હોય તેથી. આ જોડેવાળો આગળ જતો હોય તો આને ઈર્ષા આવે કે કેમ કરીને પેલો પાછળ પડે !

આ ઘોડદોડમાં કોઈનો નંબર લાગેલો નહીં. હું એ ઘોડદોડમાં ઊતરતો નથી. આ ઘોડદોડમાં તો હાંફી હાંફીને મરી જાય તોયે કોઈને નંબર લાગેલો નહીં. તે આમ હોય અક્કલનો ઈસ્કોતરો ! અને છેવટે હાંફીને મરી જાય ત્યારે 'પેલો મને છેતરી ગયો ને પેલો મને છેતરી ગયો' કહેશે. એંસી વર્ષેય તને છેતરી ગયો !

આ 'રેસકોર્સ'માં કોઈનો નંબર લાગેલો નહીં. ખાલી હાંફી હાંફીને મરી જાય ! 'અમે' આ દોડાદોડમાં કોઈ દહાડો ઊતરીએ નહીં. 'અમે' તો એક જ શબ્દ કહીએ, કે 'ભઈ, અમારામાં બરકત નથી.' હારવાનું શોધી કાઢો ! આ નવી શોધખોળ છે આપણી. એ જીતેલો માણસ કોઈક દહાડોય હારે. પણ જે હારીને બેઠા ને, તે કોઈ દહાડોય હારે નહીં. જીતવા નીકળ્યો ને, ત્યાંથી જ નાપાસ કહેવામાં આવે છે.

અનંત અવતાર આ 'રેસકોર્સ'માં દોડ દોડ કરીશ તોય છેલ્લે દહાડે તું છેતરાઈશ, એવું આ જગત છે. બધું નકામું જશે. ઉપરથી પાર વગરનો માર ખાવાનો. એના કરતાં ભાગો અહીંથી, આપણી અસલ જગ્યા ખોળી કાઢો, જે આપણું મૂળ સ્વરૂપ છે.

## (સૂત્ર - ૧૬)

**'સમજીને છેતરાવા' જેવી પ્રગતિ આ જગતમાં કોઈ પણ નથી. આ સિદ્ધાંત બહુ ઊંચો છે.**

આ (મારો હેતુ) મોક્ષે જવાનો હતો ને, એટલે આ બીજી કોઈ બાબતમાં બહુ પડેલી નહોતી. એટલે શું માનતો'તો કે છેતરનાર હોય એનેય અસંતોષ ના થાય, એટલા માટે એક વખત છેતરી ગયો, તે ફરી પણ છેતરાવાની જગ્યા રાખતો કે ભલે બિચારાને સંતોષ થાય. ગમે તે રીતે માન ખાવાની આદત હોય એટલે માન-તાન આપીને પણ મારો રસ્તો નીકળ્યા કરે ને ! હું અપમાન કરું તો મને પકડી રાખે લોકો બધા. એમને ક્યાં મોક્ષે જવાનું છે ? નથી જવાનું. એટલે જે તે રસ્તે આ લોકોને માન આપીને, તાન આપીને, પૈસા આપીને પણ અહીંથી આ છટકબારી કરો.

સર્વનો અહમ્ પોષીને વીતરાગ ચાલ્યા જાય ! એનો બિચારાનો અહમ્ પોષાય અને આપણો છુટકારો થઈ ગયો ને ! અમે આખી જિંદગી છેતરાવાનો જ ધંધો માંડેલો. છેતરાયા કરે એનું નામ ભગવાન કહેવાય. કાયમ છેતરાયા કરે. હવે હું આખી જિંદગી છેતરાયેલો, તેથી મને આ ભગવાન હાજર થયા, નહીં તો થાય કે ?

'જ્ઞાની પુરુષ'નું તો આજે આ ખોળિયું છે ને કાલે આ પરપોટો ફૂટી જશે તો શું કંઈ મોક્ષમાર્ગ રખડી મર્યો છે ? ત્યારે કહે, 'ના, જો

આટલી શરતો હશે કે જેને મોક્ષ સિવાય બીજી અન્ય કોઈપણ જાતની કામના નથી અને જેને પોતે જાણીજોઈને છેતરાવું છે એવા કેટલાંક લક્ષણો એના પોતાનામાં હશે ને, તો એનો મોક્ષ કોઈ રોકનારો નથી; એમ ને એમ, એકલો ને એકલો, જ્ઞાની સિવાય બે અવતારી થઈને એ મોક્ષે ચાલ્યો જશે !'

જગતથી છેતરાઈને પણ મોક્ષે ચાલ્યા જવા જેવું છે. વખત ખરાબ આવી રહ્યો છે. બ્યાશી હજાર વર્ષ સુધી તો માણસને ઊંચું જોવાનો વખત નહીં મળવાનો. એટલા ભયંકર દુઃખોમાં, યાતનામાં રહેશે બધા માણસ, માણસ થશે તોય.

**પ્રશ્નકર્તા :** બ્યાશી હજાર વર્ષ ?

**દાદાશ્રી :** હા. તેથી અમે કહીએ ને ચેતો, ચેતો, ચેતો. જે જાણીબૂઝીને છેતરાય તે મોક્ષનો અધિકારી ! તેથી કવિએ કહ્યું ને કે 'ઊઠાવી લ્યો આ છેલ્લી તક !' છેલ્લી તક ઊઠાવી લ્યો, કહે છે. પછી ફરી (બીજા કોઈ) આવતા હશે એ આવશે.

## (સૂત્ર - ૧૭)

### લઘુતમમાં તો કાયમની 'સેફ સાઈડ' છે, ગુરુતમવાળાને ભો હોય !

'આ' (અક્રમ) વિજ્ઞાનનું 'ફાઉન્ડેશન' શું ? લઘુતમભાવમાં રહેવું અને અભેદ દૃષ્ટિ રાખવી. જીવમાત્રની જોડે, આખા બ્રહ્માંડના જીવો સાથે અભેદ દૃષ્ટિ રાખવી એ જ આ વિજ્ઞાનનું 'ફાઉન્ડેશન' છે. આ વિજ્ઞાન કંઈ એમ ને એમ 'ફાઉન્ડેશન' વગર નથી.

લઘુતમ એ તો આપણું કેન્દ્ર જ છે. એ કેન્દ્રમાં બેઠા બેઠા ગુરુતમ પ્રાપ્ત થાય. આપણી તો નવીન 'થિયરી'ઓ બધી, તદ્દન નવી !

**પ્રશ્નકર્તા :** એ લઘુતમનો અર્થ કેવી રીતે કર્યો ? જે આપણો અહંકાર છે એ અહંકાર ઝીરો ડિગ્રી પર આવે એ લઘુતમ છે ?

**દાદાશ્રી :** નહીં. અહંકાર તો એમનો એમ જ છે. પણ અહંકારની માન્યતા એવી થાય છે કે હું બધાથી નાનો છું અને એ પણ એક જાતનો અહંકાર જ છે. એવું છે, આ લઘુનો અર્થ 'નાનો છું' થયું. પછી લઘુતર એટલે કે નાનાથીયે હું નાનો છું. અને લઘુતમ એટલે મારાથી બધા જ મોટા છે એવો અહંકાર. એટલે એ પણ એક જાતનો અહંકાર છે !

હવે જે ગુરુતમ અહંકાર છે, એટલે કે મોટા થવાની ભાવનાઓ, હું આ બધાથી મોટો છું એવી માન્યતાઓ છે, એનાથી આ સંસાર ઊભો થયો છે. જ્યારે લઘુતમ અહંકારથી મોક્ષ તરફ જવાય. લઘુતમ અહંકાર એટલે 'હું તો આ બધાથી નાનો છું' એમ કરીને વ્યવહાર બધો ચલાવવો. એનાથી મોક્ષ તરફ ચાલ્યો જાય. 'હું મોટો છું' એવું માને છે તેથી આ જગત 'રેસકોર્સ'માં ઊતરે છે અને એ બધા ભાન ભૂલીને અવળે રસ્તે જઈ રહ્યા છે. જો લઘુતમનો અહંકાર હોય ને, તે લઘુ થતો થતો એકદમ લઘુતમ થઈ જાય. એટલે એ પરમાત્મા થઈ જાય !

## (સૂત્ર - ૧૮)

### આ જ્ઞાન આકર્ષક છે, માટે મૌન રહેવું. જ્યારે મૌન થશો ત્યારે જગત સમજ્યા ગણાશો.

પૂર્ણ કામ કરી લેવું હોય તો ચેતતા રહેજો. જ્યાં સુધી પૂર્ણાહુતિ ના થાય ત્યાં સુધી બોલવાની વાતમાં પડશો નહીં. એ પડવા જેવી વસ્તુ નથી. હા, આપણે કોઈને એટલું કહી શકીએ, કે 'ત્યાં આગળ સત્સંગ સારો છે. આમ છે, તેમ છે, ત્યાં આગળ જાવ.' આટલી વાતચીત કરવી. ઉપદેશ તરીકે ના અપાય. એ ઉપદેશ આપવા જેવી વસ્તુ ન્હોય. આ

'અક્રમ વિજ્ઞાન' છે. એક શબ્દ વીતરાગની વાણી બોલવી ને, એ તો બહુ મોટામાં મોટી મુશ્કેલી !

કોઈ જગ્યાએ કશી વાત કરો છો ? વાતચીતમાં કોઈ જગ્યાએ પડશો નહીં. કારણ કે લોક તો સાંભળે, પણ પોતાની દશા શી થાય ? લોકને તો કાને સાંભળીને કાઢી નાખવાનું છે પણ પોતાને 'ઈન્ટરેસ્ટ' પડે એમાં. કારણ કે હજુ 'ઈગોઈઝમ' છે ને, તે બધા મહીં લઉં-ખઉં કરતા તૈયાર બેસી જ રહ્યા હોય. તે ધીમે ધીમે એને ખોરાક મળી જાય.

આ 'દાદા'નું જ્ઞાન જે પામ્યા છે, એ જ્ઞાનથી માલ નીકળે ને, એ સાંભળીને તો જગત બધું ધરી દે. અને ધરી દે એટલે શું થાય ? લપટાયો પછી ! બધા પેલા ઉપશમ થયેલાં ને, તે ફટાફટ જાગી ઉઠે. આકર્ષણવાળી વાણી છે આ. આ જ્ઞાન આકર્ષક છે, માટે મૌન રહેવું.

આ તો અમારું આપેલું 'જ્ઞાન' પરિણામ પામ્યું, તો પરિણામ પામીને એને ફરી ઉગે પાછું આ. અમારું આપેલું બીજ રૂપે પડ્યું હોય, તે ફરી ઊગે. ત્યારે 'દાદાજી એમ કહેતા હતા' એમ વાત કરો. પણ જે આમ વાણી સ્ફૂરે, તે થોડા દહાડા તો એમ લાગશે કે આ 'દાદાજી' જેવું જ બોલી રહ્યા છે. પછી કયે ગામ લઈ જશે ! થોડા દહાડા પછી પછાડે, એ તો છોડે નહીં ને !

ગોશાળો જે હતો ને, એ તો પહેલાં મહાવીર ભગવાનનો શિષ્ય હતો, ખાસ, 'સ્પેશિયલ' શિષ્ય. પણ છેવટે એ સામો થઈને ઊભો રહ્યો. ગોશાળો મહાવીર ભગવાન પાસે બહુ વખત રહ્યો. પછી એને એમ લાગ્યું કે મને આ બધું જ્ઞાન સમજાઈ ગયું, એટલે ભગવાનથી છૂટો પડીને કહે છે કે 'હું તીર્થંકર છું, એ તીર્થંકર નથી.' અને કેટલીક વખત એવુંયે બોલતો હતો કે, 'એય તીર્થંકર છે ને હુંય તીર્થંકર છું.' હવે એ રોગ પેઠો, પછી શી દશા થાય એની ?

હવે મહાવીર ભગવાન પાસે હતો, તોય ત્યાં પાંસરો ના રહ્યો. તો અમારી પાસે બેઠેલો શી રીતે પાંસરો રહે ? જો કાચું કપાય તો શી દશા થાય ? અને તે તો ચોથા આરાની વાત હતી. આ તો પાંચમો આરો, અનંત અવતાર ખરાબ કરી નાખે. અનાદિથી આવા જ માર ખાધા છે ને, લોકોએ ! આના આ જ માર ખા ખા કર્યા છે. જરાક સ્વાદ મળી ગયો, કે ચઢ્યો જ છે ઉપર (!)

જેને જાગૃતિ વધી જાય, તેને અમારે બહુ ચેતવવો પડે. પણ જો કદી હવે આજ્ઞામાં રહે ને, તો એની 'સેફ સાઈડ' ઊતરી (થઈ) જાય. પણ 'સેફ સાઈડ' ઊતરવું બહુ અઘરી છે વસ્તુ.

## (સૂત્ર - ૧૯)

**શેની ભીખ છે ? પૂજાવાની ભીખ. અને આમ જે' જે' કરે એટલે ખુશ. અલ્યા, આ તો નર્કે જવાની નિશાનીઓ ! આ તો બહુ જ જોખમદારી ! એવી ટેવ પડેલી હોય, તે જાય નહીં.**

પૂજાવાની કામના ઊભી થાય છે ખરી ? તો કહેજો, હું દબાવી આપીશ. હા, એ મૂળિયું કાપી નાખીએ એટલે પછી બંધ થઈ જાય. એ કામના બહુ જોખમ છે. કામના ઊભી થતી નથી ને ? કો'ક દહાડો ઊભી થવા ફરશે, હં કે ! માટે જોખમ છે એવું માનીને ચાલજો. કારણ કે લોકો જે' જે' કરે ને, એટલે ચાની પેઠ ટેવ પડી જાય. પછી જ્યારે ના મળે ને, ત્યારે મૂંઝાય. ત્યાર પછી બનાવટ કરીનેય પણ જે' જે' કરાવડાવે. એટલે જોખમ છે, ચેતતા રહેજો.

પૂજાવાની કામના, એના જેવો ભયંકર કોઈ રોગ નથી. મોટામાં મોટો રોગ હોય તો

પૂજાવાની કામના ! કોને પૂજવાનો હોય ? આત્મા તો પૂજ્ય જ હોય. દેહને પૂજવાનો રહ્યો જ ક્યાં પછી ? પણ પૂજાવાની ઈચ્છાઓ-લાલચો છે આ બધી. દેહને પૂજાવીને શું કાઢવાનું ? જે દેહને બાળી મેલવાનો, એને પૂજાવીને શું કાઢવાનું ? પણ એ લાલચ એવી કે 'મને પૂજે.' એટલે આ પૂજાવાની લાલસાઓ છે. નહીં તો મોક્ષ કંઈ અઘરો નથી. આ દાનતો હોય છે ને, તે અઘરી છે.

એવી ઈચ્છા થાય તોય ભયંકર ગુનો છે. એવી ઈચ્છા કોઈ દહાડો થયેલી ? થોડી મહીં ગલીપચી થાય ? આ તો અમે ચેતવીએ. ના ચેતવીએ તો પછી પડી જાય ને ! સારી જગ્યા પર આવ્યા પછી પડી જાય તો પછી નકામો થાય, 'યુઝલેસ' થાય અને વાગેય બહુ. નીચે હોય ને પડે તો વાગે નહીં બહુ. બહુ ઊંચે દોડ્યો હોય ઉપર, તે પડે તો વાગે બહુ. એટલે જ્યાં છો ત્યાં રહેજો, નીચે ના ઉતરશો પાછાં.

ને સ્વતંત્ર શબ્દ કશો લાવશો નહીં. અહીંથી લઈ જઈને તે જ શબ્દ વાપરજો; સ્વતંત્ર નવો મૂકશો નહીં. નવું સ્ટેશનેય બાંધશો નહીં. કે બાંધ્યું છે ? પાયા ખોદ્યા નથી ? નથી બાંધ્યું ? ચેતવણી તો હોવી જોઈએ ને ! નહીં તો ક્યાંય જઈને ઊભા રહેશો ! હજુ તો માર્ગ બહુ જુદી જાતનો છે આ. અને કેટલી બધી આમ લોભામણી જગ્યાઓ આવે છે ! કોઈ દહાડો જોઈ ના હોય એવી લોભામણી જગ્યાઓ આવે છે. તે મોટા મોટા છેતરાયા ત્યાં તમારું શું ગજું ? એટલે આ 'દાદા ભગવાન'ના માર્ગથી ચાલો બરાબર. હેય ! ક્લિયર રોડ ફર્સ્ટ ક્લાસ ! જોખમ નહીં, કશું નહીં !

## (સૂત્ર - ૨૦)

**આપણો તો મોક્ષમાર્ગ છે, ત્યાં તો ગુપ્ત વેશે ચાલી જવાનું છે.**

જેવું બન્યું હોય તે બધું અમને કહી દે, ત્યાંથી આલોચના કહેવાય. જે બન્યું, એનો વાંધો નથી. એ તો બધું ક્ષમા જ હોય. પણ જેવું બન્યું એવું કહી દે, ત્યારથી આલોચના કહેવાય. એટલે એ રસ્તેથી પાછો ફરી ગયો. પછી અમે વાળી લઈએ. આ તો જોખમદારીવાળો રસ્તો છે, માટે ચેતજો. એમાં બહુ જોખમ છે. એક અક્ષરેય બોલશો નહીં. અને બોલવું હોય તોય અમને કહેજો, હું કહીશ કે 'બોલો હવે તમે.' બાકી બહુ જોખમ, એક અક્ષરેય બોલવું હોય તો બહુ જોખમ કહેવાય.

જગતનું કલ્યાણ થવાનું હશે ત્યારે થશે, તમને એની મેળે કુદરત નિમિત્ત તૈયાર કરે ત્યાર પછી બનજો ને ! તમે તૈયાર થવા જશો નહીં. તૈયાર થવા જેવી ચીજ નથી એ ! અમારી જો સિદ્ધિઓ વેચવા માંડશો, તો જગત શું નહીં આપે ? પણ તમારી મનુષ્યરૂપી મૂડી ખલાસ ! અરે, ખલાસ નહીં, ઊલટી મનુષ્યરૂપી મૂડી જતી રહેશે ને નર્કના અધિકારી થઈ જાય. આપણો તો મોક્ષમાર્ગ છે, ત્યાં તો ગુપ્ત વેશે ચાલી જવાનું છે.

## (સૂત્ર - ૨૧)

**જ્યાં સુધી જગત દોષિત દેખાશે ત્યાં સુધી ભટક ભટક કરવાનું થશે અને જ્યારે જગત નિર્દોષ દેખાશે ત્યારે આપણો છુટકારો થશે.**

જો પોતાનો દોષ સમજાય નહીં અને પારકાના દોષ જ માલૂમ પડે એ અજ્ઞાનીની નિશાની. એ નિરંતર બંધાયા કરે અને એનો માર ખાયા કરે. અને જ્ઞાનીની નિશાની શું ? જ્ઞાની કૃપા કોણ પ્રાપ્ત કરી ગયો ? તરત જ પોતાના દોષ દેખાય એ જાગૃતિ હોય અને એમાંથી કેમ કરીને છૂટવું એ જ ભાવ નિરંતર રહે.

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્મા ના જોઈએ ત્યારે જ દોષિત દેખાય ને ?

**દાદાશ્રી :** દોષિત ક્યારે દેખાય કે શુદ્ધાત્મા ના જોઈએ એટલે દોષિત દેખાય ને બીજું એનું સરવૈયું નથી કાઢ્યું એણે. એક્ઝેક્ટલી (વાસ્તવિકમાં) જો સરવૈયું કાઢીએ તો એ પોતે જ કહે, દોષ જોનારો જ કહે, 'ભઈ, મારી જ ભૂલ છે આ તો.' એટલે આમ એકલું શુદ્ધાત્મા જોવાથીય કંઈ મટે નહીં. એ તો આગળ ને આગળ જ ચાલ્યા કરે. એટલે પદ્ધતિસર નિકાલ થવો જોઈએ. એટલે સરવૈયામાંથી નિકાલ થવો જોઈએ કે કઈ રીતે દોષ નથી એનો. હા, એનો દોષ છે નહીં અને આ દેખાય છે કેમ ?

ભગવાન મહાવીરે કહ્યું કે આખું જગત નિર્દોષ છે, જે કંઈ ભૂલ હતી તે મારી જ હતી અને તે પકડાઈ ગઈ. અને તે મનેય પકડાઈ ગઈ મારી ભૂલ. અને હવે તમને શું કહું છું ? તમારી ભૂલ પકડો. હું બીજું કશું કહેતો જ નથી. જે પતંગનો દોરો મારી પાસે છે તેવો પતંગનો દોરો તમારી પાસે છે. શુદ્ધાત્માનું જ્ઞાન પોતે પ્રાપ્ત કર્યું એટલે પતંગનો દોરો હાથમાં રહ્યો. પતંગનો દોરો હાથમાં ના હોય અને ગુલાંટ ખાય ને બૂમાબૂમ કરીએ, કૂદાકૂદ કરીએ, એમાં કશું વળે નહીં. પણ હાથમાં દોરો હોય તો ખેંચીએ તો ગુલાંટ ખાતો બંધ થઈ જાય કે ના થઈ જાય ? તે દોરો મેં તમારા હાથમાં આપેલો છે.

એટલે તમારે આ નિર્દોષ જોવાનું છે. નિર્દોષ દૃષ્ટિથી આમ શુદ્ધાત્મા જોઈને એને નિર્દોષ બનાવવો. એ થોડીવાર પછી પાછું મહીંથી બૂમાબૂમ કરશે. 'આ આવું આવું કરે છે, એને શું નિર્દોષ જુઓ છો ?' એટલે એક્ઝેક્ટલી નિર્દોષ જોવાનો અને જેમ છે તેમ એક્ઝેક્ટલી નિર્દોષ જ છે.

કારણ કે આ જગત જે છે ને, તે તમને દેખાય છે એ બધું તમારું પરિણામ દેખાય છે, કૉઝીઝ નથી દેખાતા. હવે પરિણામમાં કોનો દોષ ?

**પ્રશ્નકર્તા :** કૉઝીઝનો દોષ.

**દાદાશ્રી :** કૉઝીઝના કરનારાનો દોષ. એટલે પરિણામમાં દોષ કોઈનો ના હોય. તે જગત પરિણામ સ્વરૂપ છે. આ તો એક મેં તમને નાનામાં નાનું સરવૈયું કાઢતા શીખવ્યું. બીજા બહુ સરવૈયા છે બધા. કેટલાય સરવૈયા ભેગા થયા ત્યારે મેં એક્સેપ્ટ કર્યું, જગત નિર્દોષ છે એવું. નહીં તો એમ ને એમ એક્સેપ્ટ થાય કંઈ ? આ કંઈ ગપ્પું છે ? તમે તમારી પ્રતીતિમાં લઈ જજો કે આ જગત નિર્દોષ છે, એમ સો ટકા છે, નિર્દોષ જ છે. દોષિત દેખાય છે એ જ ભ્રાંતિ છે. અને તેથી આ જગત ઊભું થયું છે બસ, ઊભું થવાના કારણમાં બીજું કોઈ કારણ નથી. જ્યાં સુધી જગત દોષિત દેખાય છે ત્યાં સુધી ભટક ભટક કરવાનું અને જ્યારે જગત નિર્દોષ દેખાશે ત્યારે આપણો છુટકારો થશે.

## (સૂત્ર - ૨૨)

**જેને આ જગતથી ભાગી છૂટવું છે, જેને આ જગત અનુકૂળ આવતું નથી, તેણે તો 'આ' જ રસ્તો લેવો પડશે કે 'કોઈ જીવને મનથી પણ ના મારો !' બીજો રસ્તો નથી.**

**પ્રશ્નકર્તા :** તમે તો સમજી ગયા હશો કે આ હથિયારનું કામ જ નથી.

**દાદાશ્રી :** હા, હથિયાર કામનું જ નથી. આ હથિયારની જરૂરિયાત છે, એ વિચાર જ નથી આવ્યો. અમે (કષાયરૂપી) તલવાર જ્યારથી જમીન પર મૂકી ત્યારથી ઉઠાવી નથી. સામો શસ્ત્રધારી હોય તોય પણ અમે શસ્ત્ર ધારણ ન કરીએ. અને છેવટે એ જ રસ્તો લેવો પડશે. જેને આ જગતમાંથી ભાગી છૂટવું છે, અનુકૂળ આવતું નથી, તેને છેવટે એ જ રસ્તો લેવો પડશે, બીજો રસ્તો નથી.

સંસારમાં એવી રીતે જીવવું કે આપણે કોઈને

દુઃખદાયી ના થઈ પડીએ. આપણા થકી કોઈનેય કિંચિત્‌માત્ર દુઃખ ના થાય, એ મોટામાં મોટો ધ્યેય હોવો જોઈએ.

તમારાથી કોઈને દુઃખ થશે તો તેનો તો મોક્ષ અટક્યો પણ તે તમારો પણ મોક્ષ અટકાવશે. માટે કોઈનેય દુઃખ ના દેવાય. કોઈનેય દુઃખ આપીને કિંચિત્‌માત્ર પણ સુખી થઈએ, એવી ક્યારેય આશા રાખવી નહીં. એટલે કેમ બધાને સુખ વર્તે એ જોવું આપણે. બીજું કશું જોવું નહીં.

કોઈને દુઃખ ન દેવાની દૃષ્ટિ આજથી જ નક્કી કરી નાખો કે મારે આ જગતમાં કોઈને સહેજ પણ દુઃખ દેવું નથી. મન-વચન-કાયાથી કિંચિત્‌માત્ર ત્રાસ આપવો નથી એવું નક્કી કરો ને, તો અંદર એવું ચાલે. તમે નક્કી કરો એવું અંદર ચાલે છે. તમારો નિશ્ચય હોય એવું ચાલે. આ દુનિયામાં મન-વચન-કાયાથી કોઈ પણ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ન હો એટલે આખો ચોપડો ચોખ્ખો. એવી અમે તમને સમજણ પાડીએ. જે સમજથી અમે છૂટા થયા છીએ, જે સમજણથી અમે બંધનમુક્ત થયા છીએ, જે સમજણથી અમને સત્યાવીસ વરસથી ટેન્શન ઊભું નથી થતું, અમે જે સમજણથી ઈન્ડિપેન્ડન્ટ (સ્વતંત્ર) થયા છીએ, એ સમજણ તમને શીખવાડીએ છીએ.

## (સૂત્ર - ૨૩)

**દરેક માણસે આ ત્રણ કાળજીઓ તો રાખવી જ જોઈએ : હું કયે સ્ટેશનેથી આવ્યો છું ? કયે સ્ટેશને ઊતર્યો છું ? કયે સ્ટેશને જવાનું છે ?**

જ્યાં સુધી 'સ્ટેશન' ના આવે ત્યાં સુધી ક્યાં ઊતરીએ ? આ તો 'સ્ટેશન' આવ્યું છે તેથી ઊતરવાનો રસ્તો તમને કહીએ. નહીં તો 'સ્ટેશન' ના આવ્યું હોય તો એમ ને એમ પડી જ રહેવું પડે ને ! ભટક ભટક કર્યા જ કરે છે ને !

એવું છે, કોઈ માણસ ઉધના સ્ટેશને બેસી રહેલો હોય અને કહે કે મારે આ વેસ્ટર્ન રેલવેના જે છેલ્લા સ્ટેશને જવું હતું, તે પહોંચી ગયો છું. તો હું કહું કે 'ભઈ, અહીં ના બેસી રહીશ. આગળ બહુ જવાનું છે.' અને હું કહું કે 'ગાડીમાં ચઢી બેસ, છાનોમાનો.' એટલે મારો ધંધો શો, કે જ્યાં ને ત્યાં બેસી રહ્યા હોય ત્યાંથી ઉઠાડીને પછી (ગાડીમાં) બેસાડું એને. આ મારો ધંધો છે. બધું મનમાં માની બેસીએ એમાં કશું વળે નહીં.

ઉધના સ્ટેશને ત્યાં આગળ બેસી રહીએ અને માનીએ કે વેસ્ટર્ન રેલવેનું છેલ્લું સ્ટેશન આવી ગયું, એટલે પૂરું થઈ ગયું એવું માનીએ તો કંઈ દહાડો વળે ? ક્યાં બેઠા છે એ ખબર હોવી જોઈએ કે ના હોવી જોઈએ ?

કોઈ સ્ટેશને ચોંટી રહેવા જેવું જ નથી. નહીં તો ફસાયો જ સમજ. લોકો વ્યવહારમાં ચોંટી પડે છે, એ એમની ભૂલ છે. ચોંટી પડે છે, તેથી તો આ જગતનો માર ખાવો પડે છે. આ વ્યવહારમાં પેસતાં જ આ બધું ભેગું થઈ જાય છે. અહીં વ્યવહાર બધો સંજોગોનો ભરેલો છે, ને જ્યાં સંજોગો ના હોય ત્યાં જવાનું છે, સિદ્ધપદમાં જવાનું છે.

આપણે એમ નક્કી કરી નાખીએ કે 'ભઈ, કયે સ્ટેશને જવું છે ?' ત્યારે કહે, 'ભઈ, આણંદ જવું છે.' તે આણંદ આપણા લક્ષમાં રહ્યા કરે. એટલે આપણે જે ગામ જવાનું છે, તેનું જ્ઞાન જાણવા જેવું છે. બાકી બીજું બધું તો એની મેળે જ આવશે. જે ગામ જવું છે તે ગામનું જ આરાધન કરવું પડશે, નહીં તો બીજે સ્ટેશને ઊતરી પડશો ! આપણે બીજા ગામના પ્રવાસી છીએ, આ ગામના પ્રવાસી નથી. આપણે મોક્ષમાર્ગના પ્રવાસી છીએ, સંસારમાર્ગના

પ્રવાસી નથી. એટલે મોક્ષમાં જવાનું, સિદ્ધગતિમાં જવાનું, તે એ લક્ષમાં રહ્યા કરે.

**પ્રશ્નકર્તા :** ત્યાં જવું હોય તો કઈ સ્થિતિમાં માણસ જઈ શકે ?

**દાદાશ્રી :** અહીં આગળ આપણા ગુણધર્મ બદલાયા હોય તો એ મહાવિદેહ ક્ષેત્રમાં જાય. એવું અહીં આગળ પાંચમો આરો ચાલે છે. એટલે ચોથા આરાના મનુષ્યો હતા, એના કરતાં આ પાંચમાં આરામાં લોકોના સ્વભાવ બગડી ગયા. હવે એ સ્વભાવ જો અહીં આગળ 'જ્ઞાન' આપીએ ને સુધરે, પછી ડખલ ના કરે, કોઈને ત્રાસ ના આપે એવો થઈ જાય, તો પછી ક્ષેત્રોનો સ્વભાવ એવો છે કે અહીંથી ખેંચાઈને જ્યાં ચોથો આરો ચાલે છે ત્યાં જાય.

એ ત્યાંના જેવો થઈ જાય, ચોથા આરા જેવો માણસ થાય, આ પાંચમા આરાના દુર્ગુણો જતા રહે, તો ત્યાં જાય. કોઈ ગાળ ભાંડે તોય મનમાં એના માટે ખરાબ ભાવ ના આવે તો ત્યાં જાય.

એટલે અત્યારે તો આપણે આ અવતારે એવો કંઈક ઉકેલ લાવો કે જેથી કરીને ક્ષેત્ર બદલાય. લોકોની જોડે એવી અપેક્ષા ના રહે. એટલે આવું કંઈક કરજો. જેમ જેમ નિકાલ કરતા જાય, એમ એમ એ ક્ષેત્રને લાયક થતા જઈએ.

**પ્રશ્નકર્તા :** દાદા, આ ક્ષેત્ર બદલો જે કહ્યું ને ક્ષેત્ર બદલાય એવું પોતે થઈ જવું જોઈએ.

**દાદાશ્રી :** નહીં, આપણો ભાવ એવો રહેવો જોઈએ.

**પ્રશ્નકર્તા :** એ કેવી રીતે ?

**દાદાશ્રી :** આ તમે આ બધો નિકાલ કરો તેમ, જેમ જેમ નિકાલ કરતા જાય એમ એ ક્ષેત્રના લાયક થતા ગયા.

એટલે બને એટલું આપણે આ વાક્ય ધ્યાનમાં રાખવાનું છે, અમે જેટલું કહીએ. એટલે જે તે રસ્તે એના મનનું સમાધાન કરવું જોઈએ.

એટલે આવું વિચારવાનું. આ કંઈ એક દહાડામાં થઈ જાય એવું નથી. આખી જિંદગીભરનું તમને સોંપીએ છીએ બધું કામ. આજથી કરવા માંડે તો કંઈક પાર આવે ! કરવા માંડે તો (એટલે) વિચારીએ તો વધારે સમજણ પડે. આમ એ ધ્યાનમાં રહેવું જોઈએ, લક્ષમાં રહેવું જોઈએ. શુદ્ધાત્મા થયા એમાં બે મત નહીં, પણ પ્રતીતિમાં થયા, લક્ષમાં થયા. એટલે જાગૃતિમાં રહ્યા પણ અનુભવમાં જેટલું આવે...

**પ્રશ્નકર્તા :** અનુભવમાં આવે એ ખરું.

**દાદાશ્રી :** એમાં કચાશ કોણ કરે છે, અનુભવમાં ? ત્યારે કહે, બહારનું જ્યાં આગળ કોઈનો અસંતોષ છે, એ આપણા તરફની કચાશ કરે છે. એ જેટલી બને એટલી એને ડિગ્રીઓ સમજાવીએ, ગમે તે રસ્તે આપણને જવા દે એવું કરજો. અહીં રસ્તામાં ચોર મળ્યા હોય ને ચોર તમને જવા દે એવું કંઈક કરજો.

**પ્રશ્નકર્તા :** જે તે રસ્તે ઉકેલ લાવવાનો. જે તે રસ્તે જવા દે આપણને.

**દાદાશ્રી :** એ કહે, 'જાવ, ચલે જાવ', તો આપણે જાણવું કે છૂટ્યા. વઢીએ તો તો પાર ના આવે. ચોર જવા દે તો છૂટકારો મળ્યો આપણને. તો આપણે જેમતેમ સમજાવીને પણ ઉકેલ લાવવો જોઈએ એવો ભાવ રાખવો, તો પછી નીકળી આવશે.

## (સૂત્ર - ૨૪)

**'અક્રમ માર્ગ' સમજવાનો છે. સમજથી શમાવાનું છે. 'અક્રમ' એ ક્રિયામાર્ગ નથી,**

**'સમભાવે નિકાલ' કરવાનો માર્ગ છે. 'સમભાવે નિકાલ' કરવાનું નક્કી કર્યું ત્યાંથી જ વીતરાગતાની શરૂઆત થાય. તે ઠેઠ સંપૂર્ણ વીતરાગ થાય ત્યાં સુધી વીતરાગતા કહેવાય !**

આ 'અક્રમ'ની 'સમભાવે ફાઈલોનો નિકાલ' - એ તો એક અજાયબ વસ્તુ છે !

ફાઈલોનો સમભાવે નિકાલ કર્યો હતો કે એવું જ બધું ? સમભાવે નિકાલ કર્યો તો કોઈની જોડે વેર ના બંધાય. વેર બાંધશો નહીં ને જૂના વેરના નિકાલ કરજો. જો તમને કશો પુરુષાર્થ કરતાં ના આવડે તો છેવટે આટલું કરજો; વેરનો નિકાલ કરજો. કોઈકની જોડે વેર બંધાયું હોય તો આપણને ખબર પડે ને કે આની જોડે વેર જ છે. હું એને નથી પજવતો તોય એ મને પજવ પજવ કર્યા કરે છે. એટલે એની જોડે વેર બંધાયેલું છે એવી ખબર પડે, તો એની જોડે નિકાલ કરજો. અને એ વેરનો નિકાલ થયો એ મોટામાં મોટો પુરુષાર્થ કહેવાય. આ જગત વેરથી જ ઊભું રહ્યું છે. આનું 'બેઝમેન્ટ' બીજી કોઈ વસ્તુ નથી, જગતનું 'બેઝમેન્ટ' જ વેર છે. આ જગત રાગથી ઊભું નથી રહ્યું કે પ્રેમથી નથી ઊભું રહ્યું, પણ વેરથી જ ઊભું રહ્યું છે. માટે વેર ના બાંધશો. આપણી ભૂલ થઈ તો માફી માંગી લેજો અને એ ભૂલનો ઉકેલ લાવજો, પણ કેસ ઊંચો મૂકી દેજો.

**પ્રશ્નકર્તા :** સામી પાર્ટી જો તૈયાર ના હોય તો સમભાવે નિકાલ કેવી રીતે કરવો ? એક હાથે તાળી કેવી રીતે પાડવી ?

**દાદાશ્રી :** તમારે તમારા મનમાં નક્કી કરવાનું કે મારે આ ફાઈલ આવે છે, એનો સમભાવે નિકાલ કરવો છે, એટલું જ કરવાનું. સામો તાળી પાડે કે ના પાડે તે આપણે લેવા-દેવા નથી. તમે તમારી ભાવના ફેરવો કે તરત બધું રાગે પડી જશે.

**પ્રશ્નકર્તા :** હવે આ જે ફાઈલો હોય છે, એ તો બધી પૂરી કરવી પડશે ને ? નાની કે મોટી બધી જ ફાઈલો ?

**દાદાશ્રી :** એ તો પૂરી કર્યે જ છૂટકો.

**પ્રશ્નકર્તા :** પણ કેટલીક ફાઈલો એકતરફી નિકાલ કરે તો ? એકતરફી ફાઈલ નિકાલ થાય ?

**દાદાશ્રી :** ના, એવું કશું નહીં. ફાઈલનો નિકાલ થયે જ છૂટકો છે.

**પ્રશ્નકર્તા :** પણ ઘણી વખતે આપણે છૂટવું હોય ને સામો ના છોડતો હોય, તો પછી એકતરફી પોતે છૂટી શકે કે ના છૂટી શકે ?

**દાદાશ્રી :** એ છૂટી જાય.

**પ્રશ્નકર્તા :** કઈ રીતે ?

**દાદાશ્રી :** આપણી વીતરાગતા જોઈને. એ તો આપણી વીતરાગતા હોય તો બધું છૂટી જાય. સામો જમે કરે કે ના કરે, તેની આપણે જોવાની જરૂર નથી ! નહીં તો એવું હોય તો કોઈ છૂટે જ નહીં જગતમાં.

## (સૂત્ર - ૨૫)

**'વીતરાગ'ના પાણીથી ગમે તેવા ડાઘા જતા રહે ! આખું જગત ફરી વળે ને, તોય 'વીતરાગતા' એવી શક્તિ છે કે કોઈ વસ્તુ એને ચોંટે નહીં ! 'વીતરાગો' શું કહે છે ? જગત તો ચાલ્યા જ કરવાનું. એમાં તું કોઈ ડખલમાં પડીશ નહીં. જો તારે મોક્ષે આવવું હોય તો વીતરાગતા રાખ !**

**પ્રશ્નકર્તા :** વીતરાગ દશામાં રહેવા માટે શું કરવું જોઈએ ?

**દાદાશ્રી :** કોઈની જોડે રાગ-દ્વેષ, ક્રોધ-માન-માયા-લોભ નહીં કરવા એ વીતરાગ. એ

કર્યું એટલે વીતરાગ દશા ચૂક્યા. એ થઈ ગયું તો જાણવું કે આ ચૂકી ગયા. પાછા ફરી પાછું સાધવું. ચૂકે ફરી સાધવું એમ કરતાં કરતાં સ્થિર થવાશે. જેને તેમ કરવું છે એ નિવેડો તો લાવે જ ને ! આ નાના છોકરાંય ઊભા થાય, પાછા પડી જાય, પેલી ઠેલણગાડી પાછી ધકેલે, પાછો પડી જાય. પાછાં ઊભા થઈને ઠેલણગાડી ધકેલે. એમ કરતા કરતા ચાલતા-ફરતા થઈ જાય ને ! એટલે રાગ-દ્વેષ થાય છે ખરાં, ક્રોધ-માન-માયા-લોભ ? નહીં ને ? તો પછી એ વીતરાગતા જ છે ને ! આ બીજું ખોળવાનું ના રહે, એ જ વીતરાગતા. વીતરાગતા બીજું કંઈ હોય નહીં. આમ તો માણસ બોલે, ના, ના, મને કંઈ રાગ-દ્વેષ નથી. રાગ-દ્વેષ ના વાળા આવ્યા... ! જુઓ તો ખરાં ! આવું ફોડ પાડીએ, ક્રોધ-માન-માયા-લોભ. ત્યારે કહે, એ તો ખરાં. તો મૂઆ, તું સમજતો જ નથી રાગ-દ્વેષને. ક્રોધ-માન-માયા-લોભનું ટૂંકું સ્વરૂપ રાગ-દ્વેષ છે, શોર્ટ સ્વરૂપ. ફાઈલોનો નિકાલ કરે ને, સમભાવે ત્યારે વીતરાગ થઈ જાય એ.

**પ્રશ્નકર્તા :** જે તે રસ્તે રાગ-દ્વેષથી રહિત થવું એ વીતરાગ માર્ગ.

**દાદાશ્રી :** કિંચિત્‌માત્ર રાગ નહીં અને કિંચિત્‌માત્ર દ્વેષ નહીં. એકદમ થઈ ના જવાય. પણ એ ભાવના કરવાથી એમ કરતાં કરતાંય ધીમે ધીમે જ્ઞાન મળ્યું હોય તો થાય, નહીં તો થાય નહીં, લાખ અવતારેય થાય નહીં.

એ પુદ્‌ગલ શું કહે છે કે તું શુદ્ધાત્મા થઈ ગયો માટે તું છૂટો થઈ ગયો એવું માનીશ નહીં. તેં મને બગાડ્યો હતો, માટે તું શુદ્ધ અમને કર, એટલે તું છૂટો અને અમે છૂટા. ત્યારે કહે, શી રીતે છૂટા કરું ? ત્યારે કહે, અમે જે કરીએ એ તું જો. બીજી ડખલ ના કરીશ. રાગ-દ્વેષ રહિત જોયા કર.

**પ્રશ્નકર્તા :** રાગ-દ્વેષ રહિત જોયા કરવાનું ?

**દાદાશ્રી :** જોયા કર, બસ. એટલે અમે છૂટા. રાગ-દ્વેષથી અમે મેલા થયેલા છીએ, તારા રાગ-દ્વેષને લઈને, તારી વીતરાગતાથી અમે છૂટા. પછી શુદ્ધ પરમાણુ થાય.

## (સૂત્ર - ૨૬)

**વીતરાગતા જ ભવ પાર-તરવા માટે છે. રાગ 'જ્ઞાની' પર બેસી ગયો તો તે 'પ્રશસ્ત રાગ' થઈ ગયો. એ કામ કાઢી નાખે. બીજે બધેથી રાગ ઊડી જાય. કારણ કે 'જ્ઞાની' વીતરાગ છે. વીતરાગ પરનો રાગ સર્વ દુઃખોથી મુક્ત કરાવનારો છે.**

પહેલાં વીતદ્વેષ થાય, પછી વીતરાગ થાય. વીતદ્વેષ ઉત્પન્ન થયા પછી રાગ એકલો રહે. રાગ પછી જ જાય એવો એનો સ્વભાવ છે. કારણ કે રાગ છેવટે અહીંથી ઊઠ્યો હોય પુદ્‌ગલમાંથી, તો જ્ઞાની પુરુષ ઉપર એ બેસે. તે રાગ પણ કેવો ? પ્રશસ્ત રાગ.

પ્રશસ્ત રાગ એટલે મોક્ષને આપનારો રાગ. સ્ટેપીંગ લેવડાવે છે આ રાગમાં. દ્વેષ એમ ને એમ ઉડાડી મેલે છે, ફર્સ્ટ સ્ટેપથી જ. એટલે બધાનો અમારી પર રાગ ખરો પણ તે પ્રશસ્ત રાગ કહેવાય. એ સાંસારિક રાગ નથી. એમાં સંસારી ભાવ નથી, ભૌતિક નથી.

એટલે દ્વેષ તમારે છૂટી ગયો છે પણ તમારો રાગ છૂટ્યો નથી. એ રાગ બધે ચોંટેલો છે ને, તે ત્યાંથી મારી પર બેસી જાય છે. પેલો રાગ દુઃખદાયી લાગે છે. એટલે કહેશે, 'દાદા ઉપર રાગ છે તે ?' એ તો પ્રશસ્ત રાગ કહેવાય. જે રાગ પ્રત્યક્ષ મોક્ષનું કારણ છે ! અને રાગ એ જ્ઞાની પુરુષ પર બેસી જાય તો સારું ને ! પછી બધી ભાંજગડ છૂટી ગઈ !

આ પ્રશસ્ત રાગ રહે ને, તો જાણવું કે આપણો મોક્ષ થઈ ગયો. કારણ કે બધા રાગને તોડી નાખે. બહારના બધાય મોજશોખ, બધાંય રાગોને તોડી નાખે આ રાગ. એટલે આ પ્રશસ્ત રાગ ઉત્પન્ન થયો, તેને આ કાળમાં મોક્ષ કહેવો.

'શુદ્ધાત્મા'નું લક્ષ બેઠું છતાં એનો અનુભવ નથી થયો, ત્યાં સુધી 'જ્ઞાની પુરુષ' એ જ પોતાનો આત્મા છે. 'દાદા'ની આરાધના કરી એ જ 'શુદ્ધાત્મા'ની આરાધના કર્યા બરાબર છે અને એ જ પરમાત્માની આરાધના છે અને એ જ મોક્ષનું કારણ છે.

## (સૂત્ર - ૨૭)

**ભાવે કરીને કેવળ શુદ્ધાત્માનુભવ સિવાય આ જગતની કોઈ પણ (વિનાશી) ચીજ મારે જોઈતી નથી.**

આપણને હવે જ્ઞાનની બહાર બીજું કશું જોઈએ નહીં અને ચંદુને, જે પૌદ્‌ગલિક છે બધો માલ, તે ચંદુના વ્યવસ્થિતમાં જે હો એ ભલે હો. આપણે કશું જોઈએ નહીં. આ જગતમાં કોઈ ચીજ મને ખપતી નથી. પણ મને એટલે કોણ, એવું નક્કી કરીને બોલવું જોઈએ. તે 'હું શુદ્ધાત્મા છું' અને ચંદુભાઈને જે ખપે છે તે ભલે હો, મને વાંધો નથી તેનો. અને બીજી ચીજ ખપે છે એ ચંદુભાઈને ખપે છે, પછી વધારે હોય જ નહીં ને ! વ્યવસ્થિતમાં જે હોય તે ખરું, ના હોય તો નહીં. કારણ કે એ વ્યવસ્થિત જ છે એક્ઝેક્ટ. એનો વાંધો નથી તમારે. મહીં ચંદુભાઈ વિચાર કરી શકે છે, તે વિચાર કરે તોય વાંધો નહીં રાખવાનો. પણ કોઈ ચીજ ખપતી નથી એવો જો ભાવ હશે ને, એ સિન્સિયારિટી, તો કોઈ કર્મ ચોંટે એવું નથી. સવારમાં પાંચ વાર બોલ્યા કે 'આ જગતમાં કોઈ ચીજ મને ખપતી નથી.' 'મને' એટલે 'હું શુદ્ધાત્મા' (છું એવું ભાન થયું છે તેને). 'મને કોઈ ચીજ ખપતી નથી' એવું પાંચ વખત બોલી અને એને સિન્સિયર રહે, તેને કોઈ કર્મ બંધાતું નથી. એટલે તમે જો તમારી જાતને સિન્સિયર રહો, તો કોઈ વાંધો ના આવે એવું આ વિજ્ઞાન છે ! સિન્સિયર એટલે કોઈ પણ સંજોગોમાં પોતાના ધ્યેયની વિરુદ્ધ ક્યારેય ના ચાલે.

**પ્રશ્નકર્તા :** એટલે 'મોક્ષ સિવાય કશું જોઈતું નથી' એવો નિશ્ચય કરે ને ?

**દાદાશ્રી :** હા, કંઈ જ જોઈતું નથી. ગમે તેવું આવે પણ 'કંઈ જ જોઈતું નથી' એવો નિશ્ચય જોઈશે.

**પ્રશ્નકર્તા :** એટલે મુખ્ય વસ્તુ મોક્ષનું 'ડિસીઝન' આવે તો પછી ગાડી પાટા ઉપર ચઢે.

**દાદાશ્રી :** 'ડિસીઝન' તો આવેલું છે મોક્ષનું. પણ 'આ નથી જોઈતું' એવું 'ડિસીઝન' આવે તો ને ! તેથી અમે બધાને કહીએ છીએ ને, કે 'આ દુનિયામાં કોઈ ચીજ મને ખપતી નથી' એવું સવારમાં પાંચ વખત બોલવું, ઊઠતાંની સાથે. તો એવી એની અસર રહે.

## (સૂત્ર - ૨૮)

**જ્ઞાની પુરુષની આજ્ઞા એ તો ભવોમાં જવા માટેની આડી દીવાલ છે. 'જ્ઞાની પુરુષ'ની આજ્ઞાપૂર્વક ઠેઠનું કરવું હોય તે કરી લેવાય, એવો વખત ફરી ફરી ના મળે ! તમે 'અમારી' 'પાંચ આજ્ઞા'માં રહો તે જ પુરુષાર્થ છે, એ જ ધર્મ છે ! બીજો કોઈ પુરુષાર્થ નથી. એમાં બધું આવી ગયું.**

શુદ્ધાત્માનું લક્ષ બેસી ગયું ને તમને, એ લક્ષ અલખ નિરંજનનું લક્ષ કહેવાય છે. હવે અમારા

પાંચ વાક્યોમાં જ, પાંચ આજ્ઞામાં જ રહેવાનું, બીજું કશું અઘરું છે નહીં. હવે ચૂકશો નહીં. ફરી ફરી આવો તાલ નથી બેસે એવો. સાક્ષાત્કાર થઈ ગયો, બધું જ થઈ ગયું છે. હવે ભગવાન તમારી પાસેથી જાય નહીં. આ તો સરળ માર્ગ કો'ક ફેરો મળી જાય. બહુ પુણ્યનો પ્રતાપ હોય તો મળે, ત્યારે ત્યાં આગળ પ્રમાદ સેવેલો કામનો નહીં.

**પ્રશ્નકર્તા :** પ્રમાદ કરવાનો નહીં.

**દાદાશ્રી :** હા, એ તો ચોંટી જ પડવું. ફરી આવો તાલ ખાતો નથી. શુદ્ધાત્મા કોઈ દહાડો લક્ષમાં બેસે નહીં. એ અલખ નિરંજન છે. કોઈને લક્ષ બેઠેલું જ નહીં અને લક્ષ બેસે તો કામ થયા વગર રહેય નહીં.

**પ્રશ્નકર્તા :** દાદા, એવા એવા અંતરાય કર્મ હોય, જે આપણને જ્ઞાનમાં કે જાગૃતિમાં પાછળ પાડી દે ?

**દાદાશ્રી :** જે ગણો તે, અંતરાય કર્મ કે આપણા પુરુષાર્થની કચાશ. આ પુરુષાર્થ તો મેં તમને ખુલ્લો કરી આપ્યો છે. શુદ્ધાત્મા બનાવ્યા ત્યારથી પુરુષાર્થ ખુલ્લો છે. એટલે આપણા પુરુષાર્થની જ કચાશ.

પુરુષાર્થ એ આપણે નક્કી કરવો જોઈએ. નિશ્ચય કરીએ એટલે એ થઈ જ જાય એની મેળે. નિશ્ચય કરવો જોઈએ. તમે નિશ્ચય કર્યો નથી કે અભેદભાવે રહેવું છે. એ હજુ નિશ્ચય કાચો એટલે જરા કાચું થયા કરે છે. તે નિશ્ચય પાકો કરી નાખો તો સરસ થયા કરે. નિશ્ચય એ જ પુરુષાર્થ છે !

**પ્રશ્નકર્તા :** એટલે હું એમ કહેતો હતો કે પહેલો નિશ્ચય થઈ જાય કે મારે આજ્ઞા પાળવી છે.

**દાદાશ્રી :** તો બધું પાળી શકાય. નિશ્ચય એનું નામ કે આપણે નક્કી કર્યું, તે ઠેઠ સુધી રહે. તો પછી એનો સાંધો આગળ મળી રહે. 'ટાઈમીંગ' પણ મળી રહે. નિશ્ચય ફેરવી નાખે તો આગળ સાંધો ના મળે. એક નિશ્ચય કરે પછી પાછો બીજો કરે તો તે મળે ખરું પણ એના ટાઈમે નહીં, ને પાછો 'પીસીસ'માં મળે, એકધાર્યું ના મળે.

સંપૂર્ણ આજ્ઞામાં રહેવાય ત્યારે 'પોતાપણું' નાશ થાય. આજ્ઞામાં રહ્યા એટલે સ્વચ્છંદ રહ્યો જ નહીં ને ! પછી જેવી જેની સમજણ, પણ અબુધ થઈને કામ કાઢે તો. 'અમારી' એક જ આજ્ઞા સંપૂર્ણ પાળે ને, તો એકાવતારી થઈ જવાય તેવું છે !

આત્મા પ્રાપ્ત થયા પછી પુરુષાર્થ અને પરાક્રમ ઊભા થાય. પણ પરાક્રમ ના થતું હોય, તો પુરુષાર્થ કરે. પરાક્રમ એટલે જેમ આ કૂતરું છે ને, તે આખો દહાડો ધૂળ ઊડી હોય ને, તે એક જ ફેરો આમ આમ કરી ખંખેરી નાખે તો બધી ધૂળ ઊડી જાય, સાફ થઈ જાય. એનું નામ પરાક્રમ કહેવાય. એવું તેં જોયેલું નહીં, આ કૂતરું શું કરે છે ?

**પ્રશ્નકર્તા :** એનું આખું શરીર ચોખ્ખું કરી નાખે આમ.

**દાદાશ્રી :** એ કયા પ્રૉફેસરે શીખવાડ્યું હશે ? પ્રૉફેસરના શીખવાડ્યા વગર આવડી જાય ? પણ આમ કેવા ચોખ્ખા થઈ જાય ! એક જરાય પણ ડાઘ નથી રહેતો એને ! તમે પુરુષ થયા એટલે પુરુષ શક્તિ પુરુષાર્થ સહિત હોય, સ્વ-પરાક્રમ સહિત હોય. ઓહોહો ! અમે સ્વ-પરાક્રમથી આખી દુનિયામાં ફરીએ છીએ, એક કલાકમાં ! મેં તમને પુરુષ બનાવ્યા પછી, તમે શુદ્ધાત્મા થયા પછી તમારી શક્તિઓ બહુ જ વધવા માંડે છે. પણ જો આમાં લક્ષ રાખો અને અમારા ટચમાં રહો તો બહુ હેલ્પ કરે. અને ટચમાં રહો તો આ રોગ કાઢવાની શક્તિ પણ ઉત્પન્ન થાય ને ! પોતાની

શક્તિથી અટકણ કાઢવી ને પરાક્રમ કરવું, એ કંઈ સહેલું નથી. 'અહીં'થી શક્તિ લઈને કરો ત્યારે જ પરાક્રમ થાય.

### (સૂત્ર - ૨૯)

**આ સંસાર બધો ગોળ ગોળ છે. એનો અંત જ આવે એવો નથી. માટે વાતનો અંત ખોળવા 'જ્ઞાની પુરુષ'ને પૂછીએ કે 'અમારે હવે ક્યાં સુધી ભટકવું ? અમે તો આ ફર ફર કરીએ છીએ, ઘાંચીના બળદની જેમ !' 'જ્ઞાની પુરુષ'ને કહીએ કે 'મારો ઉકેલ લાવી નાખો !' 'જ્ઞાની પુરુષ પાસે પડ્યા રહેવું છે' એવી ભાવનાથી પરાક્રમ ઊભું થાય.**

જગતનું દર્શન અનંત મોહનીયવાળું છે, ને તેમાંથી કોઈથી છટકી ના શકાય. છૂટવાની ઈચ્છા તો છે પણ માર્ગ મળતો નથી. માર્ગ મળવો અતિ અતિ દુર્લભ છે. 'આ જ્ઞાની પુરુષનો' સંયોગ ભેગો થવો જ મુશ્કેલ છે. બધા જ સંયોગો ભેગા થઈને વીખરાઈ જવાના પણ જ્ઞાની પુરુષના સંયોગથી 'કાયમની ઠંડક' પ્રાપ્ત થાય. હવે તો કામ કાઢી લેવાનું છે. 'જ્ઞાની પુરુષ પાસે પડ્યા રહેવું છે' એવી ભાવનાથી પરાક્રમ ઊભું થાય. પછી ગમે તેવો સંયોગ આવે તો પણ પરાક્રમથી પહોંચી વળાય.

એટલે અમે કહીએ છીએ કે બધેથી તમે છૂટી જાવ. હવે 'પુરુષ' થયા છો તમે, એટલે પરાક્રમ કરી શકશો. નહીં તો મનુષ્ય આખો પ્રકૃતિને આધીન છે, ભમરડા સ્વરૂપ છે ! એ ભમરડા દશામાંથી મુક્ત થઈને પરાક્રમી થયા છો, સ્વ-પુરુષાર્થ ને સ્વ-પરાક્રમ સહિત છો ! અને 'જ્ઞાની પુરુષ' તમારા માથે છે, પછી તમને શો ભો છે ?

'આ' સત્સંગમાં તમારી બુદ્ધિના બધા બારણાં વસાઈ જાય. ધીમે ધીમે બધા જ ખુલાસા થાય. જેવા 'જ્ઞાની પુરુષ' છે એવા જ કરી નાખે આપણને ! 'જ્ઞાની'ના ચરણોમાં પડી રહ્યા સિવાય છૂટકો નથી. 'જ્ઞાની પુરુષ' એટલે શું ? અરીસો. તમારું જેવું હોય તેવું દેખાય. સંસારના સારમાં સાર એકલા 'જ્ઞાની પુરુષ' જ છે.

આ પુસ્તકની અંદર કેન્ડલ (મીણબત્તી) ચીતરેલું હોય તો એનું અજવાળું આવે ખરું ? કાગળ પર ચીતરેલું હોય તો કશું વળે નહીં. આત્મા તો 'જ્ઞાની પુરુષ'ની પાસે જ જાણવા જેવો છે ! તારે આત્મા જાણવો હોય તો 'જ્ઞાની પુરુષ' પાસે જા. સત્ એ નિરાલંબ વસ્તુ છે. ત્યાં આગળ 'અવલંબન' લઈને ખોળવા જાય તો શી રીતે મળે ? એ તો એક 'જ્ઞાની પુરુષ'નું અવલંબન લે તો કામ થાય. કારણ કે એ છેલ્લામાં છેલ્લું સાધન છે ! આત્મા નિરાલંબ છે ! એકલો આત્મા જાણવાનો છે, સમજવાનો છે ને એમાં સ્થિર થવાનું છે. 'સાકર ગળી છે' એવું બધા બૂમો પાડે છે. ને 'જ્ઞાની પુરુષ' ગળી એટલે શું એવું દેખાડે છે !

મુક્તિનું કરોડો અવતારેય ઠેકાણું પડે એમ નથી. એ તો 'જ્ઞાની પુરુષ' પ્રત્યક્ષ મળ્યા તેથી કામ થાય. મોક્ષમાર્ગ શરૂ થયો કોને કહેવાય ? જે મોક્ષસ્વરૂપ થઈ ગયા છે એવા 'જ્ઞાની પુરુષ'ની પાછળ ચાલવા માંડ્યું, એટલે મોક્ષમાર્ગ શરૂ થયો. એમની પાછળ ચાલવાનું નક્કી કર્યું કે વહેલે-મોડે એમની પાછળ જ હવે જવું છે, એટલે મોક્ષમાર્ગ શરૂ થઈ ગયો. એની મુક્તિ અવશ્ય થવાની !

આ બંધનમાંથી છૂટવા માટે જે બંધનમુક્ત થયા હોય એવા 'જ્ઞાની પુરુષ'ના આશ્રયે જવું. આત્મજ્ઞાનીના આશ્રયવાનનો ભગવાને મોક્ષ લખેલો છે. આશ્રયનો અર્થ શો ? ટુ એપ્રોચ નિયર એન્ડ નિયર (નજીક ને નજીક જવું). આશ્રય એટલે તે રૂપ થવું.

**- જય સચ્ચિદાનંદ**

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના અડાલજમાં આગામી સત્સંગ કાર્યક્રમો

**૧૮ માર્ચ** (શનિ) સાંજે ૫-૩૦ થી ૭ **- સત્સંગ** તથા **૧૯ માર્ચ** (રવિ) સાંજે ૪ થી ૮-૩૦ **- જ્ઞાનવિધિ**

**૧૯ માર્ચ** (રવિ) **પૂજ્ય નીરુમાની ૧૭મી પુણ્યતિથિ પર વિશેષ કાર્યક્રમ**

**૩ થી ૭ મે - PMHT (પેરન્ટ્સ મહાત્મા) શિબિર** (વધુ વિગત આવતા અંકે)

### Pujya Deepakbhai's UK - Germany Satsang Schedule (2023)

| Date | Day | From | to | Event | Venue |
|---|---|---|---|---|---|
| 29-Mar-23 | Wed | 7:30 PM | 10:00 PM | Aptaputra Satasang | Robert Napier School, Third Avenue, **Kent**, ME7 2LX |
| 30-Mar-23 | Thu | 7:00 PM | 10:00 PM | **GNAN VIDHI** | |
| 01-Apr-23 | Sat | 7:30 PM | 10:00 PM | SATSANG | Shree Prajapati Community Centre, 21 Ulverscroft Rd, **Leicester**, LE4 6BY |
| 02-Apr-23 | Sun | 10:30 AM | 12:30 PM | Aptaputra Satasang | |
| 02-Apr-23 | Sun | 4:30 PM | 7:30 PM | **GNAN VIDHI** | |
| 03-Apr-23 | Mon | 3:30 PM | 7:00 PM | SATSANG | |
| 14-Apr-23 | Fri | 7:30 PM | 10:00 PM | SATSANG | Harrow Leisure Centre, Byron Hall, Christchurch Avenue, **Harrow**, HA3 5BD |
| 15-Apr-23 | Sat | 8:30 AM | 12:30 PM | Simandhar Swami small idols Pratishtha | |
| 15-Apr-23 | Sat | 7:30 PM | 10:00 PM | SATSANG | |
| 16-Apr-23 | Sun | 10:30 AM | 12:30 PM | Aptaputra Satasang | |
| 16-Apr-23 | Sun | 4:30 PM | 7:30 PM | **GNAN VIDHI** | |
| 17-Apr-23 | Mon | 7:30 PM | 10:00 PM | SATSANG | |
| 21-24 Apr-23 | | All day | | Akram Vignan Event | **Willingen, Germany** |

**'દાદાવાણી' માસિકની માહિતી** - ફોર્મ નં. ૪ (રૂલ નં. ૮)

૧. **પ્રકાશનનું સ્થળ :** સીમંધર સીટી, મુ.પો.-અડાલજ, તા.-જિ. : ગાંધીનગર, પીન - ૩૮૨૪૨૧

૨. **પ્રકાશનનો સમય :** માસિક

૩. **મુદ્રકનું નામ :** અંબા ઓફસેટ **રાષ્ટ્રીયતા :** ભારતીય

**સરનામું :** B-૯૯, GIDC સેક્ટર - ૨૫, ગાંધીનગર - ૩૮૨૦૨૫

૪. **પ્રકાશકનું નામ :** મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા **રાષ્ટ્રીયતા :** ભારતીય

**સરનામું :** સીમંધર સીટી, મુ.પો.-અડાલજ, તા.-જિ. : ગાંધીનગર, પીન - ૩૮૨૪૨૧

૫. **તંત્રીનું નામ :** ડિમ્પલ મહેતા **રાષ્ટ્રીયતા :** ભારતીય **સરનામું :** ઉપર મુજબ. (નં-૪ પ્રમાણે)

૬. **માલિકોના નામ :** મહાવિદેહ ફાઉન્ડેશન **રાષ્ટ્રીયતા :** ભારતીય **સરનામું :** ઉપર મુજબ. (નં-૪ પ્રમાણે)

હું ડિમ્પલ મહેતા, આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧-૩-૨૦૨૩, અડાલજ. મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા

(પ્રકાશકની સહી)

# પાલીતાણા : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૯ થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૩

સત્સંગ



૧૦૮ ફૂટના આદિનાથ ભગવાન પાસે ભક્તિ



સમોસરણ દેરાસર



રોહિશાળા



પદ્માવતી માતાની પૂજા



અંગારશા પીરની દરગાહ



પહાડયાત્રા





અદબદજી પર ભક્તિ

ઈન્ફોર્મલ સત્સંગ અને ભક્તિ



જ્ઞાનવિધિ



માર્ચ ૨૦૨૩
વર્ષ-૨૮, અંક-૫
સળંગ અંક-૩૩૧

# દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2021-2023
valid up to 31-12-2023
LPWP Licence No. PMG/NG/037/2021-23
Valid up to 31-12-2023
Posted at SRO Gandhinagar
on 1st of every month.

## જેને છૂટવું છે તેને છોડાવનારા ભેગા થાય

એ તો જેને છૂટવું હોય તેને ભગવાન છોડાવે. જેને છૂટવું જ ના હોય તેને શી રીતે છોડાવે ? કારણ કે ભગવાનને ઘેરેય કાયદો છે. ભગવાનનો શો કાયદો છે ? જેને છૂટવું હોય તેને ભગવાન ક્યારેય બાંધતા નથી અને જેને બંધાવું હોય તેને ક્યારેય છોડતા નથી ! હવે જગતમાં લોકોને પૂછવા જઈએ કે તમારે બંધાવું છે કે છૂટવું છે ? એ બંધાવાનાં કારણોનું સેવન કરે છે કે છૂટવાનાં કારણોનું સેવન કરે છે તેના પરથી સમજાય. છૂટવાનાં કારણો સેવે તેને છૂટવાના સંયોગ મળે. ત્યાં એને ભગવાન 'હેલ્પ' જ કર્યા કરે છે અને જે બંધાવાનાં કારણો સેવે છે તેનેય ભગવાન 'હેલ્પ' કર્યા કરે છે. ભગવાનનું તો 'હેલ્પ' જ કરવાનું કામ ને !

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, બી-૯૯, જીઆઈડીસી, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.